dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS



સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 | Issue- 12 | AD - 2026, Aso Sud - 02 | Monday, Dt. 12-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

મેટ્રો સ્ટેશનો બંધ કરવા અને નાગરિકો તેમજ વકીલોની અટકાયત વિરુધ્ધ દાખલ કરાયેલી હેબિયસ કોર્પસ અને અદાલતની અવમાનનાની અરજીઓ પર સુનાવણી

દિલ્હીમાં બેરિકેડ્સ હટાવો અને ઈન્ટરનેટ સેવાઓ તાત્કાલિક શરૂ કરો : સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૧૧

દિલ્હીમાં લાદવામાં આવેલા આકરા પ્રતિબંધો, મેટ્રો સ્ટેશનો બંધ કરવા અને નાગરિકો તેમજ વકીલોની અટકાયત વિરુધ્ધ દાખલ કરાયેલી હેબિયસ કોર્પસ અને અદાલતની અવમાનનાની અરજીઓ પર સુપ્રીમ કોર્ટે રવિવારે અસાધારણ સુનાવણી હાથ ધરી હતી. ન્યાયાધીશ જાયમાલા બાગચી અને વી. મોહનાની બેન્ચે આ મામલે કડક વલણ અપનાવતા દિલ્હી પોલીસને અવમાનના નોટિસ જારી કરી છે અને શહેરમાં ઈન્ટરનેટ સેવાઓ તેમજ જાહેર અવરજવર સામાન્ય કરવાનો સ્પષ્ટ આદેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં મૂકવામાં આવેલા બેરિકેડ્સ તુરંત દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે અને જણાવ્યું છે કે જ્યાં અત્યંત જરૂરી હોય ત્યાં જ બેરિકેડિંગ રાખવું. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે લોકોને તેમની વ્યવસાયિક પ્રવૃત્તિઓ કરવાથી રોકી શકાય નહીં અને મેટ્રો સેવાઓ તેના સામાન્ય સમયપત્રક મુજબ જ ચાલુ થવી જોઈએ. બંધારણની કલમ ૧૯(૨)નો ઉલ્લેખ કરતાં અદાલતે ભારપૂર્વક જણાવ્યું કે નાગરિકોના મૂળભૂત અધિકારો અને સ્વતંત્રતાઓનું રક્ષણ કરવું એ કોર્ટની પ્રાથમિક જવાબદારી છે.

દિલ્હી પોલીસની ભૂમિકા અંગે ટિપ્પણી કરતાં બેન્ચે જણાવ્યું કે કાયદો અને વ્યવસ્થા જાળવવાનો અર્થ એ નથી કે પોલીસ નાગરિકોના અધિકારો પર ત્રાપ મારે. જો કોઈ પોલીસ અધિકારીને વ્યક્તિગત નુકસાન થયું હોય તો તેઓ અલગથી કાનૂની માર્ગ અપનાવી શકે છે, પરંતુ સામાન્ય નાગરિકો, વકીલો અને વિરોધ



કરનારાઓના અધિકારોનું રક્ષણ અદાલત માટે સમાન મહત્વ ધરાવે છે. ન્યાયાધીશોએ ઉમેર્યું કે વિરોધ કરવાનો અધિકાર બંધારણીય છે, પરંતુ તે શાંતિપૂર્ણ અને કાયદાના દાયરામાં હોવો જોઈએ.

સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ, કે.કે. વેણુગોપાલ, ગોપાલ શંકરનારાયણન અને શાદાન ફરાસત સહિતના વકીલોએ કોર્ટ સમક્ષ દિલ્હીની ગંભીર પરિસ્થિતિનું વર્ણન કર્યું હતું. વકીલોએ રજૂઆત કરી હતી કે દિલ્હીમાં લગભગ ૪૫ મેટ્રો સ્ટેશનો બંધ કરી દેવાયા હતા, ૪ કિમીના ત્રિજ્યામાં ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરાઈ હતી અને સુપ્રીમ કોર્ટની બહાર પણ કલમ ૧૬૩ (અગાઉની કલમ ૧૪૪) લાગુ કરી દેવાઈ હતી. વકીલોએ આક્ષેપ કર્યો હતો કે દિલ્હીમાં 'પોલીસ રાજ્ય' જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું, જેમાં વકીલોને તેમના અસીલોને મળતા રોકવામાં આવ્યા હતા અને ચેમ્બરમાંથી અટકાયત કરવામાં આવી હતી.

અભિજીત દિપકેનો દિલ્હી પોલીસે વીડિયો રજૂ કર્યો

કોકરોચ જનતા પાર્ટીના દાવા બાદ દિલ્હી પોલીસ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજીને સમગ્ર મામલે સ્પષ્ટતા કરવામાં આવી હતી. દિલ્હી પોલીસનાં **DCP PRO** નેહા યાદવે **CJP**ના પ્રદર્શન અંગે જણાવ્યું હતું કે, અગાઉ સંગઠનને કેટલીક શરતો સાથે પ્રદર્શન કરવાની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ **CJP** દ્વારા શરતોનું પાલન કરવામાં આવ્યું નહોતું. આ કારણસર આ વખતે પ્રદર્શન માટે મંજૂરી આપવામાં આવી ન હતી. અભિજીત દીપકેની અટકાયત અંગે જણાવ્યું કે, 'દીપકેના દાદીના અવસાન વિશે જાણ થતાં જ દિલ્હી પોલીસે તેમને મદદ કરવા માટે સતત પ્રયાસો કર્યા હતા. પોલીસે દીપકેને પૂછ્યું હતું કે શું તેઓ તેમના પરિવાર પાસે જવા માગે છે અને શું પોલીસ તેમની મુસાફરી માટે વ્યવસ્થા કરી શકે તેમ છે.

મણિપુરના ત્રણ પહાડી જિલ્લામાં થયેલી અથડામણમાં નવ લોકોના મોત, મુખ્યમંત્રીની પીએમ મોદી સાથે મુલાકાત

નવી દિલ્હી, તા. ૧૧

મણિપુરના ત્રણ પહાડી જિલ્લાઓ કામજાંગ, ઉખરુલ અને કાંગપોકપીમાં ફાટી નીકળેલી તાજેતરની હિંસક અથડામણમાં એક મહિલા સહિત કુલ ૯ લોકોના મોત નીપજ્યા છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, શુક્રવાર અને શનિવારે થયેલી હિંસામાં છ નાગા, બે કુકી અને એક ગોરખા ખેડૂતનું મોત થયું હતું. આ ઘટના બાદ મુખ્યમંત્રી યુમનામ ખેમચંદ સિંહે હિંસાની આકરા



શબ્દોમાં નિંદા કરીને લોકોને શાંતિ અને સંયમ જાળવવા અપીલ કરી છે.

દરમિયાન, મુખ્યમંત્રી યુમનામ ખેમચંદ સિંહે નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ખાસ મુલાકાત કરી હતી. તેમણે વડાપ્રધાનને રાજ્યમાં શાંતિ અને સુમેળ પુનઃસ્થાપિત કરવા માટે લેવાયેલા પગલાં તેમજ ઈમ્ફાલ-દિમાપુર-ગુવાહાટી બસ સેવાઓ ફરી શરૂ કરવાના પ્રયાસો વિશે માહિતી આપી હતી.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ રાજ્યના કેટલાક ધોરીમાર્ગોને રાષ્ટ્રીય ધોરીમાર્ગોમાં અપગ્રેડ કરવા અને ઈમ્ફાલની આરઆઈએમએસ (RIMS) સંસ્થાને એઈમ્સ (AIIMS)નો દરજ્જો આપવાની માંગ રજૂ કરી હતી. વડાપ્રધાન મોદીએ રાજ્ય સરકારની કામગીરીને બિરદાવી હતી અને મણિપુરના વાસ્તવિક મુદ્દાઓનો ઉકેલ લાવવાની ખાતરી આપી હતી.

તામિલનાડુમાં રૂ.૧૩,૦૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરતા પ્રધાનમંત્રી મોદી

ચેન્નાઈ, તા. ૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચેન્નાઈ ખાતે રૂ.૧૩,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ્સથી નાગરિકોની દૈનિક મુસાફરી સરળ બનશે, ઉદ્યોગ અને વેપારને વેગ મળશે તેમજ યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી થશે.

પોતાના સંબોધનમાં પીએમ



મોદીએ તમિલનાડુના પૂર્વ અને વર્તમાન મુખ્યમંત્રીઓ સાથેના કામગીરીના અનુભવો શેર કરતા કહ્યું કે, 'સરકારો બદલાતી રહી, પરંતુ તમિલનાડુનો વિકાસ કરવાનો અને તેના લોકોની સેવા કરવાનો મારો સંકલ્પ સતત અવિરત રહ્યો છે. હવે મુખ્યમંત્રી જોસેફ વિજય સાથે મળીને અમે આ વિકાસયાત્રાને આગળ ધપાવી રહ્યા છીએ.'

સરકારના વડા તરીકે ૨૫ વર્ષ પૂર્ણ થવાનો ઉલ્લેખ કરતા તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યોનો વિકાસ એ જ દેશના વિકાસનો સાચો પાયાનો મંત્ર છે. તેમણે ચેન્નાઈ મેટ્રોના વિસ્તરણ અને ભારતીય બંદરોની કાર્યક્ષમતામાં થયેલા સુધારા અંગે વાત કરી હતી, જેનાથી વેપાર અને નિકાસને મોટો ફાયદો થયો છે. અંતમાં તેમણે 'વિકસિત તમિલનાડુથી વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવાની ખાતરી આપી હતી.

સતત બીજા દિવસે દિલ્હીમાં પ્રદર્શનકારીઓની અટકાયત

નવી દિલ્હી, તા. ૧૧

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) દ્વારા દિલ્હીમાં વિરોધ પ્રદર્શન બીજા દિવસે પણ જારી રહ્યું હતું. કનોટ પ્લેસના આઉટર સર્કલ, ડીડીયુ માર્ગ અને અશોકા રોડ પરથી પોલીસે કેટલાક પ્રદર્શનકારીઓની અટકાયત કરી છે. સુપ્રીમ કોર્ટ અને ભગવાન દાસ રોડ પર ભીડ એકઠી ન થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રદર્શનના સંદર્ભમાં દિલ્હી



પોલીસે નવી દિલ્હી જિલ્લાના વિવિધ પોલીસ મથકોમાં ૨૨ જેટલી એફઆઈઆર નોંધી છે.

બીજી તરફ, યુટ્યુબર ધ્રુવ રાઠીએ સોશિયલ મીડિયા પર ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, સિવિલ ડ્રેસમાં આવેલા પોલીસ કર્મચારીઓએ ઘરમાં ઘૂસીને તેમની ગેરકાયદેસર અટકાયત કરી હતી, જેને તેમણે અપહરણ સમાન ગણાવ્યું હતું.

કાલિંદી કુંજ અને દિલ્હી-નોઈડા સરહદ પર બેરિકેડ્સ અંશતઃ હટાવીને વાહન વ્યવહાર શરૂ કરાતાં લોકોને ટ્રાફિક જામમાંથી રાહત મળી હતી. રાજીવ ચોક અને આસપાસના વિસ્તારોમાં ટ્રાફિક અને ઈન્ટરનેટ સેવાઓ ધીમે ધીમે પૂર્વવત્ થઈ રહી છે, છતાં કાયદો અને વ્યવસ્થા જાળવવા સુરક્ષા દળો ખડેપગે તૈનાત છે.

સાઉદી અરેબિયાના રિયાધ એરપોર્ટ પર હુથી બળવાખોરોએ ઘાતક મિસાઈલ હુમલા કરતા ૧૨ના મોત, અનેક ઘાયલ

રિયાધ, તા. ૧૧


સાઉદી અરેબિયાના રિયાધ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હુથી બળવાખોરો દ્વારા કરવામાં આવેલા ઘાતક મિસાઈલ હુમલામાં ૧૨ લોકોના મોત નીપજ્યા છે અને ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં સાઉદી નાગરિકો ઉપરાંત અમેરિકન, બાંગ્લાદેશી અને ઈજિપ્ત સહિતના વિદેશી નાગરિકો સામેલ છે.


આ અઠવાડિયા દરમિયાન



રિયાધ એરપોર્ટ પર થયેલો આ ત્રીજો હુમલો છે, જેમાં સ્થાનિક ફ્લાઈટ્સના ટર્મિનલ ૩ અને ૪ ક્ષતિગ્રસ્ત થયા છે. ઘટના પગલે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હુથીઓ સામે સાઉદી અરેબિયા સાથે મળીને લશ્કરી કાર્યવાહી કરવાની શક્યતા દર્શાવી છે. સાઉદીમાં રહેતા ભારતીય નાગરિકો માટે ભારતીય દૂતાવાસે સતર્ક રહેવાની સલાહ જારી કરી છે.







ધારાસભ્ય મહેશ કસવાળાએ રાજ્ય સરકાર સમક્ષ કરેલી રજૂઆતને સફળતા

સાવરકુંડલા તાલુકામાં ત્રણ ચેકડેમ માટે રૂ. ૧.૮૭ કરોડથી વધુની મંજૂરી

વંડા અને ઘાંડલા ગામે જળસંગ્રહ વધશે, ખેડૂતોને સિંચાઈમાં મળશે લાભ

સાવરકુંડલા,તા.૧૧

સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારમાં જળસંરક્ષણ અને ખેતીના વિકાસને વેગ આપવા રાજ્ય સરકાર દ્વારા સાવરકુંડલા તાલુકાના વંડા અને ઘાંડલા ગામે ત્રણ ચેકડેમના બાંધકામ માટે રૂ. ૧.૮૭ કરોડથી વધુની મંજૂરી આપવામાં આવી છે.વંડા ગામે ઉતાવળી નદી ઉપર ચેકડેમ નં. ૧ માટે રૂ. ૩૩.૦૧ લાખ અને ચેકડેમ નં. ૨ માટે રૂ. ૫૮.૨૦ લાખ, એમ કુલ રૂ. ૯૧.૨૧ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. જ્યારે ઘાંડલા ગામે જામવાળી નદી ઉપર ચેકડેમના બાંધકામ માટે રૂ. ૯૬.૨૪ લાખની મંજૂરી અપાઈ છે. આ ત્રણેય ચેકડેમના નિર્માણથી વરસાદી પાણીનો સંગ્રહ વધશે તેમજ વંડા, ફાચરીયા અને ઘાંડલા ગામના ખેડૂતોને ખેતી અને સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતામાં લાભ થવાની આશા છે.



સાથે જ આસપાસના વિસ્તારોમાં ભૂગર્ભજળના સ્તરમાં સુધારો થવાની સંભાવના છે. આ વિકાસકાર્યની મંજૂરી બદલ સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને જળશક્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

બગસરામાં મહિલા મંડળીઓ દ્વારા તૈયાર થયેલ ઉત્પાદનોના વેચાણ માટે ગ્રામ હાટ શરૂ કરાયુ

અમરેલી,તા.૧૧

બગસરામાં ૨૦ મહિલા મંડળીઓ દ્વારા તૈયાર કરવામાં આવતા વિવિધ ઉત્પાદનોના વેચાણ માટે 'ગ્રામ હાટ' શરૂ કરવામાં આવ્યું છે. તાલુકા પંચાયત દ્વારા એનઆરએમ યોજના હેઠળ આયોજિત આ કાર્યક્રમનું ઉદ્ઘાટન બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડિયા અને જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીર બાપુના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી એસ.ટી.ના ડી.સી. પટેલ, તાલુકા વિકાસ અધિકારી વાલેરા અને ડેપો મેનેજર ગઢવી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



આ પહેલનો મુખ્ય હેતુ મહિલા મંડળીઓને પોતાના ઉત્પાદનોના વેચાણ માટે યોગ્ય તક પૂરી પાડવા સાથે મહિલાઓને રોજગારી અને આર્થિક રીતે સક્ષમ બનાવવાનો છે.

તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળામાં સા.કુંડલાના આંબરડી શાળાની વૈજ્ઞાનિક પ્રતિભા ઝળકી

અમરેલી,તા.૧૧

સાવરકુંડલા તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળાનું આયોજન એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી માધ્યમિક શાળા, આંબરડીના વિદ્યાર્થીઓએ બે આકર્ષક કૃતિઓ રજૂ કરી હતી. વિજ્ઞાન શિક્ષક અક્ષયભાઈ પંડ્યાના માર્ગદર્શન હેઠળ 'એકવા શીલ્ડ હાઈડ્રો હોમ' મોડેલ દ્વારા પૂર જેવી કુદરતી આપત્તિમાં ઘરને સુરક્ષિત રાખવાનો વૈજ્ઞાનિક અભિગમ રજૂ કરાયો હતો.




જ્યારે 'મેથ મંથન ધોળકિયાઝ પાર્ક'માં રમતગમત સાથે ગણિતની સંકલ્પનાઓ સમજાવવાનો પ્રયાસ કરાયો હતો. આ કૃતિઓમાં જુલીબેન ચોડવડિયા, શિવાંગીબેન કુતાણા, મંથન ધોળકિયા અને વ્રજ અણઘણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આચાર્ય એમ.ડી. માલવિયા અને મેનેજિંગ ટ્રસ્ટી દીપકભાઈ માલાણીએ શિક્ષક તથા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમની સર્જનાત્મકતાને બિરદાવી હતી.

ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે ચાડિયા-મેડી રોડના રિસર્ફેસિંગનું ખાતમુહૂર્ત

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં માર્ગ સુવિધાઓને મજબૂત બનાવવા માટે રૂ. ૩.૫૦ કરોડથી વધુના ખર્ચે ચાડીયા-મેડી રોડના રિસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત ઉર્જા અને કાયદા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. અંદાજે ૭ કિલોમીટર લાંબા આ માર્ગના નવીનીકરણથી ખેડૂતો અને ગ્રામજનોની અવરજવર વધુ સુગમ બનશે. ખેતપેદાશોના પરિવહનમાં પણ સરળતા મળશે. ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સહિતની પાયાની સુવિધાઓના વિકાસથી આર્થિક અને સામાજિક પ્રવૃત્તિઓને વેગ મળશે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, તાલુકા પંચાયતના સભ્ય આશિષભાઈ દેવમુરારી, ચાડીયા અને મેડીના સરપંચો, મનસુખભાઈ ગાંગડિયા, મધુભાઈ હરખાણી, હરેશભાઈ ખુમાણ સહિતના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



વિજપડી PGVCL સબડિવિઝનનું વિભાજન અટકાવવા પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાએ ઉર્જામંત્રીને કરી રજૂઆત

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલા તાલુકાના વિજપડી સબડિવિઝન હેઠળ ૫૩ ગામો સમાવિષ્ટ છે. આ સબડિવિઝનનું વિભાજન થવાથી સરકાર પર સમય અને નાણાકીય ખર્ચનું ભારણ વધશે તેમજ વિજપડીના સ્થાનિક વેપાર-ધંધા પર પ્રતિકૂળ અસર પડશે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગામના પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાએ પીજીવીસીએલ સત્તાધીશો અને ઉર્જામંત્રીને વિભાજન ન કરવા જાહેર અપીલ કરી છે.

તેમણે જણાવ્યું કે આજના આધુનિક યુગમાં માત્ર વિભાજન જ સમસ્યાનો ઉકેલ નથી; સ્ટાફ, વાહનો અને જરૂરી ટેકનોલોજીકલ સાધન-સગવડો વધારીને પણ ખેડૂતો અને જનતાના પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ લાવી શકાય છે. તેમણે યાદ અપાવ્યું હતું કે ૨૦૦૭ થી ૨૦૧૨ દરમિયાન ગામના વિકાસ માટે જ આ સબડિવિઝન અને પરીક્ષા કેન્દ્ર મંજૂર કરાયા હતા. આથી, સબડિવિઝનનું અસ્તિત્વ જાળવી રાખવા તેમણે ગામના અગ્રણીઓને પણ સહયોગ આપવા વિનંતી કરી છે.

લાઠીના સિનિયર એડવોકેટ એન્ડ નોટરી આર.સી. દવેનો આજે જન્મદિવસ

અમરેલી,તા.૧૧



લાઠી વકીલ મંડળના પ્રમુખ અને સિનિયર એડવોકેટ એન્ડ નોટરી આર.સી. દવેનો આજે જન્મદિવસ છે. પોતાની ધારદાર દલીલને કારણે અનેક કોર્ટ કેસમાં તેઓએ જીત મેળવી છે. તેમના જન્મદિવસ નિમિત્તે સગાંસંબંધીઓ, મિત્રો અને શુભેચ્છકો દ્વારા જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ આપવામાં આવી રહી છે. એડવોકેટ આર.સી.દવેના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ઉત્તમ સ્વાસ્થ્ય જળવાઈ રહે તેમજ તેઓ સતત પ્રગતિ કરતા રહે તે માટે તેમના ફોન નંબર ૯૪૨૬૯ ૩૪૩૩૫ શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

ગાધકડા ગામે આશાપુરા માતાજીના મંદિરે હવન યોજાયો

સાવરકુંડલા,તા.૧૧

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે આશાપુરા માતાજીના મંદિરે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. શક્તિની ઉપાસનાના મહાપર્વ નવરાત્રીના પ્રારંભે જ ગામમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ સૌરાષ્ટ્ર, ગુજરાત અને મહારાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભાવિકો માતાજીના દર્શનાર્થે ઉમટી પડયા હતા. આશાપુરા માતાજીનાં દર્શન કરીને ભાવિકો ભાવવિભોર બન્યા હતા. મંદિરે યોજાયેલા હવનમાં હજારો ભક્તોએ ભાગ લઈને દર્શન અને ધાર્મિક વિધિનો લાભ લીધો હતો. ધામી પરિવાર દ્વારા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ વિસ્તારોમાંથી આવેલા શ્રધ્ધાળુઓએ માતાજીનાં આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા અને સૌના સુખ, શાંતિ, સમૃદ્ધિ તથા સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. નવરાત્રીના પ્રથમ દિવસે જ મંદિરે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.



વંડા પોલીસ સ્ટેશનની પી.પી.એસ.હાઈસ્કૂલના ૪૪ એસપીસી કેડેટસે મુલાકાત લઈ માહિતી મેળવી

સાવરકુંડલા,તા.૧૧

વિદ્યાર્થીઓમાં કાયદાના પાલન, શિસ્ત અને સુરક્ષા અંગે જાગૃતિ કેળવવાના હેતુથી પી.પી.એસ. હાઈસ્કૂલ, વંડાના ૪૪ સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સે વંડા પોલીસ સ્ટેશનની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. પીએસઆઈ પી.જે. રામાણીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી મુલાકાતમાં પોલીસની કામગીરી, આધુનિક હથિયારો, સાયબર ક્રાઈમ અને ટ્રાફિક નિયમોની માહિતી આપવામાં આવી હતી. આઈટી નિષ્ણાત પુનિતભાઈએ સાયબર સુરક્ષા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત, મહિલા સુરક્ષા માટેના સખી વન સ્ટોપ કેન્દ્ર અને ૧૧૨ ઈમરજન્સી હેલ્પલાઈન વિશે સમજ આપવામાં આવી હતી. પીએસઆઈ રામાણીએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપ્યા હતા.



પોલીસ દ્વારા અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

રાજકોટની RK યુનિવર્સિટી ખાતે ટેક્નો પ્લેનેટ-૨૬માં અમરેલી BCAના વિદ્યાર્થીઓએ મેળવી શાનદાર સિદ્ધિ

અમરેલી,તા.૧૧

રાજકોટની RK યુનિવર્સિટી ખાતે યોજાયેલ 'Techno Planet-૨૬' કાર્યક્રમમાં અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કોલેજના BCA વિભાગના વિદ્યાર્થીઓએ શાનદાર સિદ્ધિ મેળવી છે. આ સ્પર્ધામાં હરિયાણી ભાવિને "Code Cracker" ઈવેન્ટમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો, જ્યારે "Teaser Hunt" ઈવેન્ટમાં દેસાઈ ટિવન્સી, દુધાત ધાર્વી, ગરણીયા તૃષા અને અજાણી પ્રિયંકાની ટીમે દ્વિતીય રનર-અપ સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, UI/UX, વેબ ડેવલપમેન્ટ અને પ્રોગ્રામિંગ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાની ટેકનિકલ કુશળતા પ્રદર્શિત કરી હતી.



Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૯

ફોટોસેશન કરતા પાલિકા સદસ્યો ગટરના પાણીનો કાયમી નિકાલ લાવે તેવી માંગ

બગસરામાં ગંધાતા પાણી મુખ્ય માર્ગ પર ફરી વળતા રહીશો ત્રસ્ત

બગસરા,તા.૧૧

બગસરા શહેરના નદીપરા વિસ્તારમાં ગટરનાં ગંધાતાં પાણી જાહેર માર્ગ પર ફરી વળતાં સ્થાનિક રહીશો, વાહનચાલકો અને રાહદારીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. પાણી વિતરણ સમયે ભૂગર્ભ ગટરના પાણી ઉભરાઈને રસ્તા પર ફરી વળતાં સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ રહી છે. આ સમસ્યાને કારણે લોકોને રસ્તા પરથી પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે. વારંવાર રજૂઆતો કરવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ ન આવતાં વિસ્તારવાસીઓમાં નગરપાલિકા તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે.

બગસરાના નદીપરા વિસ્તારમાંથી પસાર થતા મુખ્ય માર્ગ પર પાણી વિતરણ સમયે ભૂગર્ભ ગટરના ગંદા પાણી ઉભરાઈને રસ્તા પર ફરી વળતા હોવાની સમસ્યા લાંબા સમયથી સ્થાનિક લોકો માટે માથાનો દુખાવો બની છે. માર્ગ પર ગંદાં પાણી ભરાઈ રહેતાં વાહનચાલકોને વાહન ચલાવવામાં અને રાહદારીઓને અવરજવર કરવામાં મુશ્કેલી પડે છે. ગટરના પાણીમાંથી ફેલાતી તીવ્ર દુર્ગંધને કારણે આસપાસના રહીશોને પણ હાલાકી ભોગવવી પડી રહી છે.સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ સમસ્યા નવી નથી, પરંતુ વારંવાર સર્જાતી હોવા છતાં તેનો કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. નગરપાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓ આ માર્ગ પરથી અવરજવર કરતા હોવા છતાં સમસ્યા અંગે અસરકારક કામગીરી થતી ન હોવાની ફરિયાદો ઊઠી રહી છે. પરિણામે, નદીપરા વિસ્તારના રહીશોમાં તંત્રની કામગીરી સામે નારાજગી વધી રહી છે.ગટરના ગંદા પાણી જાહેર માર્ગ પર ફરી વળતાં સ્વચ્છતા જાળવવી મુશ્કેલ બની છે. દુર્ગંધભર્યા વાતાવરણને કારણે લોકોના આરોગ્ય અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જાહેર માર્ગ પર ગંદા પાણીનો ભરાવો થવાથી સ્થાનિક રહેવાસીઓ ઉપરાંત આ રસ્તાનો ઉપયોગ કરતા અન્ય નાગરિકોને પણ મુશ્કેલી પડી રહી છે. ખાસ કરીને રોજિંદા કામકાજ માટે બહાર નીકળતા લોકો અને રાહદારીઓને આ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે.આ બાબતે નગરપાલિકામાં વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો ન હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે.


તસવીર : મયુર પંડયા

લોકોમાં એવી ચર્ચા પણ થઈ રહી છે કે પાલિકાના સદસ્યો દ્વારા ફોટોસેશન કરવાને બદલે ગટરના ગંદા પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા માટે નક્કર કામગીરી કરવામાં આવે તો નાગરિકોને સાચી રાહત મળી શકે. નદીપરા વિસ્તારના રહીશોએ નગરપાલિકા તંત્ર સમક્ષ માંગ કરી છે કે આ માર્ગની સ્થળ તપાસ કરવામાં આવે, ભૂગર્ભ ગટરની સમસ્યાનું યોગ્ય નિરાકરણ લાવવામાં આવે અને પાણી જાહેર માર્ગ પર ફરી વળે નહીં તેવી કાયમી વ્યવસ્થા કરવામાં આવે. હવે બગસરા નગરપાલિકા આ સમસ્યાને કેટલી ગંભીરતાથી લઈને કાર્યવાહી કરે છે અને રહીશોને દુર્ગંધ તથા ગંદકીમાંથી ક્યારે મુક્તિ મળે છે તે જોવું રહ્યું.

રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે અમરેલી નગરપાલિકાને વાહનો અને મશીનરીની ભેટ

અમરેલી,તા.૧૧

રાજ્ય સરકાર દ્વારા અમરેલી નગરપાલિકાને શહેરના વિકાસ કાર્યો અને નાગરિક સુવિધાઓમાં વધારો કરવા માટે વાહનો અને આધુનિક મશીનરી ફાળવવામાં આવી છે. ઊર્જા મંત્રી કૌશિક વેકરિયાના હસ્તે આ વાહનો અને મશીનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણમાં બે ટ્રેક્ટર સાથે ટેન્કર, છ હાઈડ્રોલિક



કન્ટેનર તેમજ એલઈડી લાઈટના સમારકામ માટે હાઈડ્રોલિક લિફ્ટનો સમાવેશ થાય છે. આ સાધનોના ઉપયોગથી શહેરમાં સફાઈ, પાણીના છંટકાવ, કચરાના નિકાલ અને જાહેર લાઈટની જાળવણી સહિતની કામગીરીને વધુ અસરકારક બનાવવામાં મદદ મળશે. આ પ્રસંગે અમરેલી નગરપાલિકાના પ્રમુખ, સાંસદ ભરત સુતરિયા સહિત વિવિધ હોદ્દેદારો અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન કેટલાક નેતાઓ ટ્રેક્ટર ચલાવતા પણ જોવા મળ્યા હતા. નગરપાલિકાને મળેલી આ મશીનરીથી શહેરના વિકાસ કાર્યોને વેગ મળવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી.

અમરેલીમાં વિશ્વ કપાસ દિવસની ઉજવણી, નેચરલ ફાર્મિંગના વિદ્યાર્થીઓની ફિલ્ડ વિઝિટ યોજાઈ

અમરેલી, તા.૧૧

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિ પ્રો. ડૉ. સી. કે. ટીંબડિયાના માર્ગદર્શન અને કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના આચાર્ય ડૉ. એસ. પી. દેશમુખના નેતૃત્વમાં વિશ્વ કપાસ દિવસની ઉજવણી કરાઈ હતી. બી.એસસી. નેચરલ ફાર્મિંગના આશરે ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



વિદ્યાર્થીઓએ દેશી કપાસની જાતો, જમીન, આબોહવા, વાવણી અને પ્રાકૃતિક પધ્ધતિથી જીવાત નિયંત્રણ અંગે વક્તવ્યો રજૂ કર્યા હતા. અગ્નિઅસ્ત્ર અને નીમાસ્ત્રના ઉપયોગ અંગે પણ માહિતી અપાઈ હતી. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હેઠળના એગ્રીકલ્ચર રિસર્ચ સ્ટેશન, અમરેલીની મુલાકાત દરમિયાન ખેતી અધિકારી યુ. એમ. ચૌહાણ અને એગ્રી આસિસ્ટન્ટ આદર્શભાઈ પટેલે દેશી કપાસની પ્રતિકારક ક્ષમતા, નવી જાતો અને સંશોધનો વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં પ્રાકૃતિક ખેતી અને સંશોધન પ્રત્યે રસ વધ્યો હતો.

ચલાલાના ગાયત્રી સંસ્કારધામ દ્વારા જરૂરિયાતમંદોને રાશનકિટનું વિતરણ

અમરેલી,તા.૧૧

ચલાલામાં આવેલા ગાયત્રી સંસ્કારધામ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને રાશન કીટ અને ગંગાસ્વરૂપ બહેનોને સાડી-કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંત ડૉ. રતિદાદાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સેવા અભિયાનમાં ચલાલા શહેરના ૪૦થી વધુ જરૂરિયાતમંદોને



સહાય આપવામાં આવી હતી. આ ઉપરાંત ગોપાલગ્રામ, આંબરડી, ધારી, મોરજર, ગરમલી અને મીઠાપુર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સહાય પહોંચાડવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા સન્માનિત મહેશભાઈ મહેતા અને શીતલબેન મહેતાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિનો મુખ્ય હેતુ જરૂરિયાતમંદોને મદદરૂપ થવાની સાથે સમાજમાં સેવા, માનવતા અને સહકારની ભાવનાને પ્રોત્સાહન આપવાનો હતો.

પદાધિકારીઓ આ માર્ગના નવીનીકરણ માટે ખાતમુહૂર્ત કરે તેવી લોકોને આશા

જાળીયા ગામના બિસ્માર રસ્તાથી લોકોને ભારે હાલાકી

અમરેલી,તા.૧૧

બગસરા અને અમરેલીની વચ્ચે આવેલા જાળીયા ગામનો રસ્તો બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. જેથી આ માર્ગનું નવીનીકરણ કરવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે. બગસરા અને અમરેલી શહેરની વચ્ચે આવેલા જાળીયા ગામથી બગસરા જવાના માર્ગ પર મસમોટા ખાડા પડી ગયા હોવાથી વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. જાળીયા ગામથી અમરેલી જવાના માર્ગનું નવીનીકરણ કરવામાં આવ્યું છે પરંતુ બગસરા જવાનો માર્ગ ખખડધજ હોવાથી વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં



છે. રાજય સરકાર દ્વારા માર્ગના નવીનીકરણ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આવે છે ત્યારે પદાધિકારીઓ આ માર્ગનું નવીનીકરણ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરે તે જરૂરી છે. જાળીયા ગામે અનેક એસ.ટી.બસ આવે છે પરંતુ ખખડધજ માર્ગને કારણે મુસાફરોને ભારે મુશ્કેલી થાય છે ત્યારે લોકોની મુશ્કેલીને ધ્યાને લઈ તાત્કાલિક આ માર્ગનું નવીનીકરણ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ખખડધજ માર્ગથી વાહનચાલકો ત્રાહીમામ, રસ્તાનું નવીનીકરણ કરવા માંગ

દામનગરમાં વિદ્યાર્થીએ સાથી વિદ્યાર્થીને ફડાકા મારતા ફરિયાદ

દામનગર, તા. ૧૧

દામનગરમાં એક વિદ્યાર્થીએ તેના સાથી વિદ્યાર્થીને ફડાકા ઝીંક્યા હતા. બનાવ અંગે ગારીયાધારના જાળીયા (પાનસરા) ગામે રહેતા અને અભ્યાસ કરતા ક્રિપાલ બુધાભાઈ માથાસુળીયા (ઉ.વ. ૨૧)એ મિલન રાનાણી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ કોઈ કારણસર તેમને બે-ત્રણ લાફા ઝીંકી તથા વાંસાના ભાગે બે-ત્રણ ઢીકા મારી મૂઢ ઈજા પહોંચાડી હતી. તેમજ જેમ ફાવે તેમ ગાળો આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. એ. રોજીયા આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

પુંજાપાદર ગામે લીલીયા પોલીસ દ્વારા લોક દરબાર યોજાયો

લીલીયા,તા.૧૧

લીલીયા તાલુકાના પુંજાપાદર ગામે રામાણી પરિવારની વાડી ખાતે લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી. સાળુંકેના અધ્યક્ષસ્થાને લોક દરબાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં પી.એસ.આઈ. વાય.એમ. જાડેજા, ગામના સરપંચ, ઉદ્યોગપતિ વિનુભાઈ રામાણી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.લોક દરબારમાં ગામમાં



કાયદો અને વ્યવસ્થા જાળવવા, ટ્રાફિકના નિયમોનું પાલન કરવા તેમજ જુગાર, દારૂના ગેરકાયદેસર ધંધા, વ્યાજખોરી અને સાયબર ગુનાઓથી બચવા અંગે ગ્રામજનોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત કટોકટીના સમયે પોલીસ સહાય માટે ૧૧૨ અને મહિલાઓની સુરક્ષા તથા મદદ માટે ૧૮૧ હેલ્પલાઈન અંગે માહિતી આપી જાગૃત કરવામાં આવ્યા હતા. ગામમાં કોઈ અસામાજિક પ્રવૃત્તિ થતી હોય, શંકાસ્પદ વ્યક્તિ જોવા મળે અથવા અન્ય કોઈ સમસ્યા જણાય તો પોલીસને ખાનગી રીતે કે ફોન દ્વારા જાણ કરવા અપીલ કરવામાં આવી હતી. પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસ, સંકલન અને સહકાર વધારવાના હેતુથી યોજાયેલા આ લોક દરબારમાં ગ્રામજનોને પોલીસને સહયોગ આપવા અનુરોધ કરાયો હતો.

અવસાન નોંધ

સાવરકુંડલા

સાવરકુંડલા નિવાસી ઔદીચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ અ.સૌ. લીલાવતીબેન અરવિંદભાઈ જોશીનું તા.૧૧/૧૦/૨૦૨૬ના રોજ અવસાન થયેલ છે તે અરવિંદભાઈ ભવાનીશંકર જોષીના પત્ની, છેલભાઈ જોશી BSNL નિવૃત સાવરકુંડલાના નાના ભાઈના પત્ની અશોકભાઈ જોશી પોસ્ટ ઓફિસ નિવૃત્ત સાવરકુંડલાના ભાભી જસ્મીનભાઈ જોશી પીજીવીસીએલ સાવરકુંડલાના કાકી તથા મંથનભાઈ જોશીના ભાભુ થાય તેમનું બેસણું તા. ૧૨/૧૦/૨૦૨૬ને સોમવારે પરશુરામ ઉપવન વાડી, કે.કે. હાઈસ્કૂલ રોડ સાવરકુંડલા ખાતે સવારે ૯:૩૦ થી સાંજના ૬.૦૦ સુધી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

બગસરા

બગસરા નિવાસી છગનભાઈ રાણાભાઇ ઘાડિયા ઉમર વર્ષ ૭૯ તે હિતેશભાઈ તેમજ કિશોરભાઈના પિતાશ્રી અને નારણભાઈ તેમજ સ્વ.મગનભાઈના મોટાભાઈનુ તા.૧૧ને રવિવારના રોજ દુઃખ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૨ને સોમવારના રોજ સવારે ૮:૦૦ થી ૬:૦૦ સુધી તેમના નિવાસસ્થાન "માતૃશ્રી" નટવરનગર ખાતે રાખેલ છે.







અમરેલી જિલ્લામાં ૨૦ પોલીસ સ્ટેશનમાં '૨૦ શી ટીમ' તૈયાર

અર્વાચિન રાસ-ગરબામાં સ્થાનિક પોલીસ અધિકારીઓએ ગ્રાઉન્ડ સહિતની મુલાકાત લીધી

અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લામાં નવરાત્રિના આયોજનને લઈ જિલ્લા પોલીસ પણ સતર્ક બની છે. જિલ્લામાં કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સ્થાનિક પોલીસ અધિકારીઓ અને શી ટીમ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. આ અંગે જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે જણાવ્યુ હતું કે, અમરેલી જિલ્લામાં અર્વાચિન રાસ-ગરબાના મેદાનની સ્થાનિક પોલીસ અધિકારીઓએ મુલાકાત લઈ આયોજકો સાથે ચર્ચા-વિચારણા કરી સીસીટીવી, પાર્કિંગ સહિતની વ્યવસ્થા માટે માહિતી મેળવી હતી તેમજ જિલ્લાની દિકરીઓ રાસ-ગરબામાં અસુરક્ષિત મહેસુસ



ન કરે તે માટે ૨૦ પોલીસ સ્ટેશનમાં ૨૦ શી ટીમની રચના કરવામાં આવશે. શી ટીમ સાદા કપડામાં અથવા તો ટ્રેડશિનલ ડ્રેસ પહેરી અસામાજિક તત્વો પર નજર રાખશે અને જો કોઈ લુખ્ખાઓ દિકરીઓને હેરાન કરતા હશે તો તેની સાથે કડક હાથે કામ લઈ ગુનો નોંધી અને કાયદાનું ભાન કરાવશે તેમ અંતમાં જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતુ.

આંબરડી સફારી પાર્કમાં કથિત ગેરકાયદેસર લાયન શોનો વિવાદ, વન વિભાગ સામે સવાલો

ધારી,તા.૧૧

આંબરડી સફારી પાર્કમાં વન વિભાગના કર્મચારી દ્વારા કથિત રીતે ગેરકાયદેસર લાયન શો કરાવવાની ઘટના ચર્ચામાં આવી છે. ટાટા સુમો સાથે લોકોને સિંહ દર્શન કરાવતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં અનેક સવાલો ઊભા થયા છે. સરકારી વાહનનો ઉપયોગ કરીને આ પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવી હોવાની ચર્ચા વચ્ચે વન



તસવીર : સંજય વાળા

વિભાગની કામગીરી સામે પણ સવાલો ઊઠી રહ્યા છે.કથિત લાયન શો કોના આદેશથી અને કઈ મંજૂરી હેઠળ યોજાયો હતો, તે અંગે સ્પષ્ટતા જરૂરી બની છે. જો નિયમોનો ભંગ થયો હોય, તો જવાબદાર કોણ છે અને સરકારી વાહનનો ઉપયોગ કયા હેતુથી કરવામાં આવ્યો હતો, તેની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. વન વિભાગ આ મામલે તપાસ કરીને જવાબદારોનાં નામ જાહેર કરશે કે કેમ, તે અંગે પણ લોકોમાં ચર્ચા છે. દોષ સાબિત થાય તો જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. વન્યજીવોના સંરક્ષણ સાથે જોડાયેલા આ ગંભીર મામલે તંત્ર મૌન રહેશે કે કાર્યવાહી કરશે, તે જોવું રહ્યું.

દામનગર પંથકમાં સગીરા પર દુષ્કર્મ આચરી ફોટા-વીડિયો વાયરલ કરવાની ધમકી આપી

દામનગર, તા. ૧૧

દામનગર પંથકમાં સગીરા પર દુષ્કર્મ આચરી તેના ફોટા-વીડિયો વાયરલ કરવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે દામનગરમાં રહેતા મલીન્દર ઉર્ફે મલી કરણસિંહ રાજપૂત સામે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ મુજબ, આરોપીએ સગીરાને લગ્ન કરવાની લાલચ આપી અવારનવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું.

તેમજ આ અંગેના ફોટા તથા વીડિયો વાયરલ કરવાની અને સગીરાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના પી આઈ એન. જી. જાડેજા આ કેસની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

સાવરકુંડલામાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન-૨૦૨૬ સંપન્ન, પાલિકા પ્રમુખે બાળકોને પ્રોત્સાહિત કર્યા

અમરેલી,તા.૧૧

સાવરકુંડલા ખાતે એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ અને એ.કે. ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલમાં એસ.વી.એસ. કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું હતું. GCERT ગાંધીનગરની પ્રેરણા તથા DIET અમરેલી અને જિલ્લા શિક્ષણાધિકારી



કચેરીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા પ્રદર્શનમાં સાવરકુંડલા અને ખાંભા તાલુકાની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું આયોજન ઉષાબેન તેરૈયાના માર્ગદર્શન હેઠળ કરાયું હતું. નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા સહિતના અગ્રણીઓએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ગોકુલ જ્વેલર્સના રાજુભાઈ સોનીએ સ્પર્ધકો અને માર્ગદર્શક શિક્ષકોને ભેટ આપી હતી. મેહુલભાઈ મહેતાએ સંચાલન કર્યું હતું.

સાવરકુંડલામાંથી પરિણીતા લાપતા બનતા આખરે પોલીસને જાણ કરાઈ

સાવરકુંડલા,તા.૧૧

સાવરકુંડલામાંથી એક પરિણીતા ગુમ થયાનો બનાવ સામે આવ્યો છે.બનાવ અંગે ખુશાલભાઈ રવજીભાઈ ચૌહાણ (ઉ.વ. ૪૯)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી જાનવીબેન નિખિલભાઈ ગેડિયા (ઉ.વ.૨૫) એમ. એલ. શેઠ શાળા ખાતેથી પોતે પોતાની મેળે કોઈને કંઈ કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. પરિવારજનો દ્વારા આસપાસ તેમજ સગા-સંબંધીઓમાં શોધખોળ કરવા છતાં તેની કોઈ ભાળ ન મળતાં આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી.બનાવ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. એલ. મકવાણા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

અમરેલી બ્રહ્માકુમારીઝ દ્વારા ૫૦ કલાકારોનું સન્માન: ભવ્ય ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૧

બ્રહ્માકુમારીઝ અમરેલી દ્વારા કેરીયારોડ સ્થિત દિવ્ય અનુભૂતિ ભવન ખાતે 'સદભાવનાની સરિતા કલાકારોની ગરિમા, પૂર્વજોની મહિમા' ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો હતો. દીપ પ્રાગટ્ય બાદ ગાયક, સંગીતકાર, કવિ અને ચિત્રકાર સહિત વિવિધ ક્ષેત્રના ૫૦ કલાકારોનું તિલક, ખેસ, સ્મૃતિચિન્હ અને પ્રભુપ્રસાદ આપી અલૌકિક સન્માન કરાયું હતું. સમારોહમાં ૮૦૦થી વધુ બ્રહ્માવત્સો ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગર સબઝોનના સંચાલિકા બ્ર.કુ. તૃપ્તિદીદીએ કલાકારોને કલા દ્વારા સમાજમાં સકારાત્મકતા, પ્રેમ અને એકતા ફેલાવવા આહ્વાન કર્યું હતું, જ્યારે અમરેલી સેવાકેન્દ્રના સંચાલિકા બ્ર.કુ. ગીતાદીદીએ શ્રાધ્ધનું



આધ્યાત્મિક મહત્વ સ્પષ્ટ કર્યું હતું. અંતમાં પરમાત્મા અને પૂર્વજોને ભોગ અર્પણ કરી સૌએ બ્રહ્માભોજન સ્વીકાર્યું હતું. સમગ્ર સંચાલન બ્ર.કુ. કિંજલબેને સંભાળ્યું હતું.

રાજુલાના વડલી ગામે ભાઈએ સગા ભાઈને જાનથી મારવાની ધમકી આપી

રાજુલા,તા.૧૧

રાજુલાના વડલી ગામે ભાઈએ સગા ભાઈને ગાળો આપી જાનથી મારવાની ધમકી આપતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે હિંમતભાઈ ભીમભાઈ બાબરીયા (ઉં.વ.૪૫)એ રમેશભાઈ ભીમાભાઈ બાબરીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ વડલી ગામે આવેલા તળાવની પાળે, પાણીના ટાંકા પાસે હાજર હતા ત્યારે તેમના નાના ભાઈ રમેશભાઈ આવીને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા.

તેમજ શરીરે ઢીકાપાટુનો મૂઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ. વી. સમા આ કેસની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

લેડિઝ ડ્રેસના ઓર્ડરના બહાને સુરતમાં રહેતી મૂળ દામનગરની વિદ્યાર્થિની સાથે ૧૫,૭૦૦ની છેતરપિંડી

દામનગર,તા.૧૧

લેડિઝ ડ્રેસના ઓર્ડરના ડિલિવરી ચાર્જ ચૂકવવાના બહાને સુરતમાં રહેતી મૂળ દામનગરની વિદ્યાર્થિની સાથે રૂ. ૧૫,૭૦૦ની છેતરપિંડી થઈ હતી.

બનાવ સંદર્ભે સુરતમાં રહેતી નંદિનીબેન રાજીવભાઈ જોષી (ઉં.વ.૨૩)એ બે મોબાઈલ ધારકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓએ પોતાનો આર્થિક લાભ મેળવવા ઈન્સ્ટાગ્રામ એપ્લિકેશનમાં 'AR FASHION' નામના લેડિઝ ડ્રેસના વેચાણનું એકાઉન્ટ બનાવી ખોટી ઓળખ ઊભી કરી હતી.

આરોપીઓએ તેમની પાસેથી લેડિઝ ડ્રેસના પેમેન્ટના રૂ. ૧,૫૦૦ મેળવી તેમજ ઓર્ડરની ડિલિવરીનો ચાર્જ ચૂકવવાનું કહી અલગ-અલગ સમયે ઓનલાઈન પેમેન્ટ કરાવી રૂ. ૧૪,૨૦૦ મેળવ્યા હતા. આમ, કુલ રૂ. ૧૫,૭૦૦નું પેમેન્ટ ફેમ એપ્લિકેશનના વોલેટમાં જમા કરાવી છેતરપિંડી આચરી હતી. દામનગર પોલીસ સ્ટેશનના પી આઈ એન. જી. જાડેજા આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બીજ
તા.૧૨-૧૦-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૧૯,
સૂર્યાસ્ત-૦૫:૫૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: સ્વાતિ

દૈનિક રાશિફળ

તા.૧૨-૧૦-૨૦૨૬ સોમવાર

મેષ: આ સપ્તાહમાં કોઇ ધાર્મિક કાર્યો પ્રત્યે તમારો રસ રહેશે. બાળકોની કોઇ એક્ટિવિટીથી તમે ગર્વ અનુભવ કરશો. ખર્ચ વધારે રહી શકે છે.

વૃષભ: આ સપ્તાહની શરૂઆતમાં તમે તમારા સંબંધોને કેટલી સારી રીતે સંભાળી શકો છો, તે ધ્યાન આપનારી વાત રહેશે. નોકરી અથવા તો વ્યવસાયમાં તમને લાભની પ્રાપ્તી થશે.

મિથુન: આ અઠવાડિયું તમારા માટે ખૂબ જ ભાગ્યશાળી રહેવાનું છે. તમે ખુશીઓ પ્રાપ્ત કરવાની ઇચ્છા સાથે ખૂબ હરશો-ફરશો.નવી- નવી જગ્યાઓએ ફરવા જવાનું થશે

કર્ક: ઉત્તમ ફળ પ્રદાન કરનારું સાબિત રહેશે. તમારા કામોમાં સફળતા પ્રાપ્ત થશે. યોજનાઓ ફળીભૂત થવાના યોગ છે અને તેનાથી તમારી ઇનકમમાં પણ વધારો થશે.

સિંહ: આ સપ્તાહ સામાન્ય ફળ પ્રદાન કરનારું સાબિત થવાનું છે. આ સપ્તાહની શરૂઆતમાં તમે કોઇ પ્રવાસમાં રહેશો. આ પ્રવાસ વધારે સારો કહી શકાય તેમ નથી.

કન્યા: વ્યવસાયને લગતી ગતિવિધિઓ ઉપર વધારે ધ્યાન આપો. આ સમયે લગ્નજીવન તથા પ્રેમ સંબંધોમાં કોઇ પ્રકારની ગેરસમજ ઊભી થઇ શકે છે.

તુલા: કોઇ પ્રિય મિત્ર સાથે મહત્વપૂર્ણ મુદ્દા ઉપર ચર્ચા-વિચારણાં થઇ શકે છે. મનોરંજનને લગતી ગતિવિધિઓમાં પણ સમય પસાર કરો.

વૃશ્ચિક: તમારા દાંપત્ય જીવનની વાત કરીએ તો, આ સપ્તાહે દાંપત્ય જીવનમાં આવી રહેલી સમસ્યાઓ હવે સમાપ્ત થવા લાગી છે

ધન: તમારી આસપાસની પરિસ્થિતિઓમાં થોડો ફેરફાર અનુભવ કરશો. આ ફેરફાર તમારા વ્યક્તિત્વ ઉપર પોઝિટિવ પ્રભાવ પણ પાડી શકે છે.

મકર: પોતાની માતા પ્રત્યે ખુબ જ સ્નેહનું પ્રદર્શન કરશો અને તેમની સાથે સમય વ્યતિત કરવો પણ તમને પસંદ પડશે. નોકરિયાત વર્ગના જાતકો માટે આ સપ્તાહ ખુબ જ ભાવનાત્મક રહેશે.

કુંભ: એ વાતનું ધ્યાન રાખવું પડશે કે આવકમાં વધારો કેવી રીતે થાય અને સાથે જ ખર્ચાઓ પર લગામ કઇ રીતે લગાવી શકાય.

મીન: પારિવારિક સભ્યોની સુવિધાઓનું ધ્યાન રાખવામાં તમારો પૂર્ણ સહયોગ રહેશે. જેનાથી પરિવારના સભ્યોમાં સુખ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે.

રાજુલા પોલીસે સાયબર ફ્રોડના ભોગ બનેલા અરજદારને રૂ. ૯૯,૯૦૦ પરત અપાવ્યા

રાજુલા,તા.૧૧

પોલીસ દ્વારા સાયબર ફ્રોડના ભોગ બનેલા અરજદારોને ૧૦૦ ટકા રકમ પરત અપાવવા તેમજ મિલકત ગુમના બનાવોમાં સત્વરે મિલકત શોધી મૂળ માલિકને પરત કરવા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અમલમાં છે. જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. વી.એમ.કોલાદરાની રાહબરી હેઠળ સાયબર ફ્રોડના



તસવીર : ગોપાલ રાઠોડ

ભોગ બનેલા દિનેશભાઈ લોડુમોર રહે. ખાખબાઇ વાળાએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર ફરિયાદ કરી હતી. જેમાં મોબાઈલ ફોન હેક કરી જાણ બહાર ઓ.ટી.પી. બેંક એકાઉન્ટમાંથી રૂ.૯૯,૯૦૦/- ઉપાડી લેવામાં આવ્યા હતા. આગળની તપાસ દરમિયાન ફ્રોડ કરનાર હેમંતકુમાર S/o અનિલસિંહ, ઉ.વ.૩૦, રહે. પદલી જહલીપાર, તા. સલીમપુર, જી. દેવરિયા, રાજ્ય ઉત્તર પ્રદેશ હોવાનું જણાતા રાજુલા પોલીસની એક ટીમ ઉત્તર પ્રદેશ ગઇ હતી. આ ટીમે ત્યાંથી આરોપીને ઝડપીને રૂ. ૯૯,૯૦૦ રીકવર કર્યા હતા.

રાજુલા તાલુકાના વડલી ગામે ખેડૂતને માર મારી ઝપાઝપી કરી

રાજુલા,તા.૧૧

રાજુલાના વડલી ગામે રહેતા મગનભાઈ ઘુઘાભાઈ હડીયા (ઉં.વ.૫૭)એ રમેશભાઈ ભીમાભાઈ બાબરીયા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેઓ તથા સાક્ષી ઘુઘાભાઈ બલદાણીયા વડલી ગામે હીરાભાઈ બાબરીયાના ઘર પાસે ભૂગર્ભ ગટર યોજનાનું કામ ચાલુ હતું ત્યાં ઊભા હતા. તે દરમિયાન આરોપીએ આવીને તેમને જેમ ફાવે તેમ ગાળો આપી માથામાં હાથ વડે ઢીકો મારી ઝપાઝપી કરી હતી તથા શરીરે મૂઢ ઈજા પહોંચાડી હતી. આ વેળાએ સાક્ષી વચ્ચે પડતાં આરોપીએ તેમને પણ નીચે પછાડી દઈ ઢીકાપાટુનો માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ. વી. સમા આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

દામનગરમાં વકીલને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

દામનગર,તા.૧૧

દામનગરમાં એક વકીલને ગાળો આપી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે ભાવનગરમાં રહી વકીલાતનો વ્યવસાય કરતા સંજયભાઈ હમીરભાઈ પડાયા (ઉં.વ.૩૨) એ બાબુભાઈ મગનભાઈ ભાસ્કર તથા રમેશભાઈ મગનભાઈ ભાસ્કર સામે દામનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, તેઓ પોતાની દીકરી બિરવા (ઉં.વ. ૬)ને અમરેલી ડિસ્ટ્રિક્ટ ફેમિલી કોર્ટના વચગાળાના હુકમ મુજબ રમાડવા માટે તેડવા આવ્યા હતા.

તે દરમિયાન તેમની દીકરીએ જણાવ્યું હતું કે, ×મારી મમ્મી ઘરે નથી અને મને તમારી સાથે આવવાનું કહ્યું નથી, જેથી મારે નથી આવવું.× આથી તેમણે સાક્ષીને ફોન કરી વાત કરી હતી. ત્યારબાદ બંને આરોપીઓને ફોન કરીને આ અંગે કહેતાં તેમને સારું નહોતું લાગ્યું અને તેમણે ભૂંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. એ. રોજીયા આ કેસની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

સાવરકુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા કોલેજની વિદ્યાર્થીની કોલેજ સ્પર્ધામાં યુનિ.માં પ્રથમ નંબરે

સાવરકુંડલા,તા.૧૧

સાવરકુંડલાની શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજની વિદ્યાર્થીની ધારા પ્રતાપભાઈ ચુડાસમાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે યોજાયેલા ૫૫મા 'હિરક સ્પંદન' યુવક મહોત્સવમાં કોલાજ સ્પર્ધામાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. ગણપતિ વિષય પર પોતાની સર્જનાત્મકતા અને કલાત્મકતાથી આકર્ષક કોલાજ કૃતિ રજૂ કરી તેમણે નિર્ણાયકોને પ્રભાવિત કર્યા હતા. આ સિદ્ધિથી કોલેજ, કેળવણી મંડળ અને પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ સફળતા બદલ પ્રિન્સિપાલ ચાવડા સાહેબ, માર્ગદર્શક ડૉ.



તસવીર : સૌરભ દોશી

પ્રતિમાબેન શુક્લ, સાંસ્કૃતિક પ્રવૃત્તિના કો-ઓર્ડિનેટર ડૉ. રૂકસાનાબેન કુરેશી તથા ડૉ. કે.પી. વાળાનો સહયોગ રહ્યો હતો.

તંત્રી લેખ

આંદોલનની અવળી દિશા

પાટનગર નવી દિલ્હીના જંતર મંતર પર ચાલતા મોટાભાગના આંદોલનો સરકારની વિરુધ્ધના હોય છે. પ્રજાની વ્યાજબી માગણીઓ માટે શાંત આંદોલન થાય તો તે વ્યાજબી ગણાય પરંતુ જો તે હિંસક પ્રવૃત્તિ કરવામાં આવે, જાહેર જનતાને મુશ્કેલી ઊભી કરે તો તેવા આંદોલનને વ્યાજબી નથી ગણાતા થોડા સમય પહેલા વિદ્યાર્થીઓના નામે રાજકીય પક્ષોએ અને રાષ્ટ્રવિરોધીઓએ જે આંદોલન કર્યા. તેમાં વિદ્યાર્થીઓનું માત્ર નામ જ હતું આંદોલનો મોદી સરકાર વિરુધ્ધ હતા અહીં વિદ્યાર્થીઓને ખંભે બંધુક ફોડવામાં આવી હતી વિદ્યાર્થીઓને નામે રાજકીય ગુંડાગીરી ખુલ્લી પડી ગઈ હતી આ વખતે પણ વિદ્યાર્થીઓના નામે જે આંદોલનનો ચાલે છે તેમાં દિલ્હીના વાહન વ્યવહારને ખોરવી નાખવાના જે પ્રયાસો થાય છે જેને કારણે દિલ્હીની જનતા ભયંકર હાડમારી ભોગવે છે તે વ્યાજબી ગણી શકાય? દિલ્હીના જંતર મંતર પર ચાલી રહેલા વિરોધ પ્રદર્શને ફરી એક વાર દેશના લોકશાહી માળખા, નાગરિક અધિકારો અને ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા અંગે ચર્ચા જગાવી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી અને મતદાર યાદીઓમાં થયેલા ફેરફારો અંગેની ચિંતાઓને લઈને વિવિધ રાજકીય પક્ષો, વિદ્યાર્થી સંગઠનો અને કાર્યકરો વિરોધ કરી રહ્યા છે. બીજી તરફ, દિલ્હી પોલીસે જાહેર વ્યવસ્થા અને સુરક્ષાનાં કારણોસર પ્રદર્શન માટેની મંજૂરી નકારી છે અને રાજધાનીમાં સુરક્ષા વધારી છે. આ પરિસ્થિતિએ એક મહત્ત્વનો પ્રશ્ન ઊભો કર્યો છે. લોકશાહીમાં મતભેદોનો ઉકેલ અથડામણથી આવશે કે સંવાદથી? પરંતુ જે લોકો તોફાન કરે છે આંદોલનો કરે છે તેને મતભેદ ઉકેલવામાં જરાય રસ નથી તેને તો અવ્યવસ્થા ઊભી કરવી છે જાહેર જનતાને હેરાનગતિ થાય તે રીતે હિંસા કરવી છે તો આ વાત જરાય વ્યાજબી નથી આવા આંદોલનોને મંજૂરી ન મળે તે સ્વાભાવિક છે આના પર કડક પગલાં પણ સરકાર લઈ શકે છે અને લેવા જોઈએ. જિંતર મંતર પર ઊઠતા અવાજોને માત્ર વિરોધના સૂત્રો તરીકે ન સાંભળવા જોઈએ. તેમની પાછળ રહેલા પ્રશ્નોને સમજવાનો પ્રયાસ થવો જોઈએ. પ્રશ્નોના જવાબ પારદર્શક તપાસથી મળે, મતભેદોનો ઉકેલ સંવાદથી આવે અને દરેક નાગરિકને પોતાના મતાધિકાર અંગે વિશ્વાસ રહે, તો આ ઘટના લોકશાહી માટે રચનાત્મક વળાંક બની શકે છે. લોકશાહીની સાચી જીત ત્યારે થાય છે, જ્યારે સરકાર જવાબ આપે, સંસ્થાઓ વિશ્વાસ જીતે અને નાગરિકો પોતાના અધિકારો સાથે પોતાની જવાબદારીઓ પણ નિભાવે.

મા બ્રહ્મચારિણીના દિવ્ય સ્વરૂપની આરાધનાનો શુભ દિવસ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

બ્રહ્મચારિણી શબ્દમાં જ તેનું તત્વજ્ઞાન સમાયેલું છે. બ્રહ્મનો અર્થ છે તપ, જ્ઞાન અને પરમાત્મા અને ચારિણી એટલે તે માર્ગે સતત ચાલનારી. અર્થાત જે દેવી નિરંતર તપ અને બ્રહ્મજ્ઞાનમાં લીન રહે છે તે બ્રહ્મચારિણી. તેમનું રૂપ અતિ સૌમ્ય અને પ્રકાશમય છે. ધવલ વસ્ત્રોમાં સુશોભિત માતાના એક કરમાં રુદ્રાક્ષની માળા છે જે સતત પ્રભુ સ્મરણની નિશાની છે અને બીજા કરમાં કમંડળ છે જે વૈરાગ્ય અને આત્મનિયંત્રણનું પ્રતીક છે. તેમના વદન પર તપનું આભામંડળ છે અને હૃદયમાં અપાર મમતા છે. આ મૂર્તિ આપણને બોધ આપે છે કે સાચું સૌંદર્ય બાહરી દેખાવમાં નહીં પણ અંદરની નિર્મળતામાં છે.

કથા એમ છે કે પૂર્વ અવતારમાં દક્ષના યજ્ઞમાં શિવના અપમાનથી વ્યથિત થઈને સતીએ દેહનું વિસર્જન કર્યું. ત્યારબાદ હિમાલય રાજાને ત્યાં પાર્વતી રૂપે તેમનો પુનર્જન્મ થયો. શૈશવથી જ તેમના ચિત્તમાં મહાદેવને પતિ તરીકે પામવાની એક જ ઝંખના હતી. આ મનોરથ પૂર્ણ કરવા તેમણે નારદના ઉપદેશથી ઉગ્ર તપનો માર્ગ અપનાવ્યો. શરૂઆતમાં ફળફૂલનો આહાર, પછી માત્ર સૂકા પાંદડા અને અંતે પાંદડાનો પણ ત્યાગ કરીને તેઓ અપર્ણા કહેવાયા. હજારો વર્ષો સુધી અન્ન અને જળ વિના કરેલા અખંડ તપથી સમગ્ર સૃષ્ટિ ડોલી ઉઠી અને બ્રહ્માજીને પ્રસન્ન થઈને વરદાન આપવું પડ્યું કે શિવ જ તેમના પતિ બનશે. આ આખ્યાન એ વાતની સાક્ષી છે કે અડગ મનોબળ હોય તો કોઈ પણ લક્ષ્ય દૂર નથી.

ઘણા લોકો આ દિવસના ગૂઢ અર્થથી અજાણ રહે છે. આ દિવસ આત્મસંયમ, ધ્યાન અને ભક્તિનો છે, કેવળ બાહ્ય આનંદ કે અવાજ અને પ્રકાશના પ્રદર્શનનો નહીં. આપણે જ્યારે આપણા મૂળ સનાતન સંસ્કારોને ભૂલીને ઉત્સવોને માત્ર મનોરંજનનું સાધન બનાવી દીધા છે ત્યારે બ્રહ્મચારિણીની ઉપાસના આપણને ફરીથી અંતર્મુખ થવાનું આહ્વાન કરે છે. આ દિવસ ધીરજનો પાઠ ભણાવે છે. જીવનના કોઈ પણ મોટા ધ્યેયને હાંસલ કરવા માટે તપ અને પ્રતીક્ષા બંને જરૂરી છે. યોગમાર્ગમાં આ દિવસને સ્વાધિષ્ઠાન ચક્રના જાગરણ સાથે જોડવામાં આવે છે. આ ચક્ર સર્જનશક્તિ અને લાગણીઓનું સ્થાન છે. આ દિવસે માતાનું ધ્યાન કરવાથી આળસ, ડર અને નકારાત્મકતા દૂર થાય છે અને ચિત્તમાં એકાગ્રતા અને આત્મબળનો સંચાર થાય છે. વિદ્યાર્થી અને સાધક વર્ગ માટે આ ઉપાસના બુદ્ધિ અને સ્મૃતિને તેજસ્વી બનાવનારી માનવામાં આવે છે.

પરંપરા મુજબ આ દિવસે વહેલી સવારે સ્નાન કરી શ્વેત વસ્ત્ર ધારણ કરીને પૂજા કરવી જોઈએ. માતાને શ્વેત પુષ્પો જેમ કે મોગરો અને કમળ અત્યંત પ્રિય છે. નૈવેદ્યમાં સાકર, ખાંડ અને પંચામૃત ધરાવવાનો મહિમા છે. એવી શ્રદ્ધા છે કે આ દિવસે મીઠાશનું દાન કરવાથી પૂર્વજો પ્રસન્ન થાય છે અને કુટુંબમાં સુખ અને આરોગ્ય જળવાઈ રહે છે. શ્વેત રંગ શાંતિનો સૂચક છે અને લાલ રંગ ઊર્જાનો. મંત્ર જપ આ દિવસની મુખ્ય સાધના છે. ઓમ દેવી બ્રહ્મચારિણ્યૈ નમઃ આ બીજ મંત્ર અને દધાના કર પદ્માભ્યામક્ષમાલા કમણ્ડલૂ દેવી પ્રસીદતુ મયિ બ્રહ્મચારિણ્યનુત્તમા આ સ્તુતિ મંત્રનું સતત રટણ કરવાથી મનની ભટકન શમે છે અને કાર્યોમાં આવતા વિઘ્નો દૂર થાય છે. સ્ફટિકની માળા પર જપ કરવો આ દિવસે વધુ પુણ્યદાયી ગણાય છે.

વર્તમાન સમયમાં જ્યારે બધાને ઝડપી સફળતા જોઈએ છે ત્યારે બ્રહ્મચારિણીનું ચરિત્ર વધુ પ્રસ્તુત બને છે. તેમણે વર્ષો સુધી રાહ જોઈ અને તપ કર્યું ત્યારે તેમને શિવ પ્રાપ્ત થયા. આજે આપણે થોડા પ્રયત્નોમાં જ થાકી જઈએ છીએ. આ દિવસનો બોધ એ છે કે વ્યર્થ બાબતોમાં વહી જતી શક્તિને રોકીને એક જ લક્ષ્ય પર કેન્દ્રિત કરવી. જે મનુષ્ય પોતાની ઇન્દ્રિયોને વશમાં રાખે છે તેને વિશ્વની કોઈ તાકાત હરાવી શકતી નથી. ઉપવાસ અને સાત્વિક આહારથી શરીરની શુદ્ધિ થાય છે અને મન સાત્વિક બને છે. ખાસ કરીને જે કન્યાઓ ઉત્તમ જીવનસાથીની કામના રાખે છે તેઓ જો શ્રધ્ધાપૂર્વક આ દિવસનું વ્રત કરે તો તેમની ઇચ્છા પૂર્ણ થાય છે એવી અતૂટ માન્યતા છે. આમ બીજી નવરાત્ર એ માત્ર પૂજાનો દિવસ નથી પણ જીવનને સંયમ, તપ અને ધીરજના માર્ગે વાળનારો દિવ્ય સંદેશ છે, જેનું પાલન કરવાથી જીવનમાં સ્થિરતા અને સાચી સફળતા પ્રાપ્ત થાય છે.ધ



નવરાત્રિના નવ દિવસોમાં બીજા દિવસનું સ્થાન તપસ્વિની બ્રહ્મચારિણી દેવીની આરાધના તરીકે પ્રસિધ્ધ છે. આ પર્વ માત્ર ઉત્સવ નથી પણ આત્માને શુધ્ધ કરવાની એક આધ્યાત્મિક યાત્રા છે. પહેલા નોરતે શૈલપુત્રીની પૂજા દ્વારા જીવનમાં નવા સંકલ્પનું બીજ રોપાય છે અને બીજા નોરતે એ જ બીજને સંયમ અને સાધનાના જળથી સિંચીને વટવૃક્ષ બનાવવાની પ્રક્રિયાનો આરંભ થાય છે. શાસ્ત્રો કહે છે કે બીજા દિવસની સાધના વિના નવરાત્રિની ઉપાસના અધૂરી રહે છે, કારણ કે આ દિવસ જ ધીરજ અને નિષ્ઠાની કસોટી છે અને તેનું ફળ પણ સૌથી મોટું છે.

શુભ થાઓ સકળ વિશ્વનું ! ઃ નવરાત્રીની શુભેચ્છાઓ



અત્યારે માના નવલા નોરતા ઉજવાઈ રહ્યા છે ત્યારે ,નવરાત્રી એટલે શક્તિની આરાધના સાથે વિશ્વકલ્યાણની પ્રાર્થના.નવરાત્રી એટલે શક્તિની ઉપાસના, શ્રધ્ધાનો ઉત્સવ, ભક્તિનો રંગ અને જીવનમાં સકારાત્મકતાનો સંચાર કરતું પર્વ. નવરાત્રીના નવ દિવસ સુધી આપણે મા જગદંબાની આરાધના કરીએ છીએ, ગરબાના તાલે ઝૂમીએ છીએ અને ભક્તિના રંગમાં રંગાઈ જઈએ છીએ. પરંતુ આ નવરાત્રીની સાચી સાર્થકતા માત્ર દીવા પ્રગટાવવામાં, ગરબા રમવામાં કે માતાજીની પૂજા કરવામાં નથી, પરંતુ આપણા હૃદયમાં માનવતા, પ્રેમ, કરુણા અને વિશ્વકલ્યાણની ભાવના પ્રગટાવવામાં છે.

"શુભ થાઓ સકળ વિશ્વનું"આ માત્ર નવરાત્રીની શુભેચ્છા નથી, પરંતુ સમગ્ર માનવજાતના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટેની એક પવિત્ર પ્રાર્થના છે.

આપણે ઘણીવાર પોતાના પરિવારની સુખાકારી, પોતાના વ્યવસાયની પ્રગતિ, પોતાના સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય અને પોતાની સફળતા માટે પ્રાર્થના કરીએ છીએ. પરંતુ સાચી આધ્યાત્મિકતા ત્યારે પ્રગટે છે, જ્યારે આપણી પ્રાર્થનાનો વ્યાપ પોતાના ઘરથી આગળ વધીને સમગ્ર સમાજ અને સકળ વિશ્વ સુધી વિસ્તરે છે. જ્યાં કોઈ ભૂખ્યું ન રહે, કોઈ નિરાધાર ન રહે, કોઈની આંખોમાં આંસુ ન હોય અને કોઈના હૃદયમાં નફરત ન હોય, એવું વિશ્વ રચાય એ જ તો નવરાત્રીની સાચી ભાવના છે.

મા દુર્ગા શક્તિનું પ્રતીક છે. તેમની આરાધના આપણને શીખવે છે કે શક્તિનો ઉપયોગ બીજાને દબાવવા માટે નહીં, પરંતુ નબળાને સહારો આપવા માટે થવો જોઈએ. શક્તિનો અર્થ માત્ર બળ કે સામર્થ્ય નથી, પરંતુ અન્યાય સામે અવાજ ઉઠાવવાની હિંમત, મુશ્કેલીમાં ધીરજ રાખવાની ક્ષમતા અને બીજાના દુઃખને સમજી શકવાની સંવેદનશીલતા પણ છે.



મનન ચિંતન
ભરત બાવીશી

આજના સમયમાં વિશ્વ અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે. ક્યાંક યુધ્ધની આગ છે, ક્યાંક આતંકનો ભય છે, ક્યાંક ધર્મ અને જાતિના નામે વિભાજન છે, તો ક્યાંક સ્વાર્થના કારણે માનવતા ઘવાઈ રહી છે. આવા સંજોગોમાં નવરાત્રીનો પવિત્ર સંદેશ આપણને યાદ અપાવે છે કે સાચો ધર્મ માનવતાને જોડે છે, તોડતો નથી. સાચી ભક્તિ મનમાં દ્વેષ નહીં, પરંતુ પ્રેમ અને સદભાવના જન્માવે છે.

આ નવરાત્રીએ આપણે મા અંબા પાસે માત્ર પોતાનું સુખ ન માગીએ, પરંતુ સૌના સુખની કામના કરીએ. માત્ર પોતાના પરિવારની પ્રગતિ નહીં, પરંતુ સમાજની ઉન્નતિની પ્રાર્થના કરીએ. માત્ર પોતાના જીવનમાં પ્રકાશ નહીં, પરંતુ બીજાના જીવનમાં પણ આશાનો દીવો પ્રગટાવવાનો સંકલ્પ કરીએ.

યાદ રાખીએ કે દુનિયા બદલવા માટે હંમેશાં મોટા કાર્યની જરૂર હોતી નથી. કોઈ ભૂખ્યાને ભોજન આપવું, નિરાશ વ્યક્તિને આશ્વાસન આપવું, દુઃખી વ્યક્તિના આંસુ લૂછવા, કોઈના હકનું રક્ષણ કરવું અને સંબંધોમાં પ્રેમ જાળવવો;આ બધું પણ શક્તિની ઉપાસનાનું જ સ્વરૂપ છે.

ચાલો, આ નવરાત્રિએ ગરબાના દરેક તાલ સાથે આપણા મનમાં સદભાવનાનો સૂર ગુંજાવીએ. દીવાની દરેક જ્યોત સાથે અજ્ઞાન અને અહંકારનો અંધકાર દૂર કરીએ. માતાજીના દરેક દર્શન સાથે માનવતાના દર્શન કરવાનો સંકલ્પ કરીએ.

નવરાત્રીની સાચી ઉજવણી ત્યારે જ થશે, જ્યારે આપણા ચહેરા પરનો આનંદ બીજાના ચહેરા પર પણ સ્મિત લાવી શકે.

ચાલો, મા જગદંબાના ચરણોમાં એક જ પ્રાર્થના કરીએ કે માત્ર મારું નહીં, માત્ર તારું નહીં, પરંતુ સમગ્ર સૃષ્ટિનું કલ્યાણ થાય. દરેક હૃદયમાં પ્રેમ રહે, દરેક ઘરમાં સુખ રહે, દરેક જીવનમાં શાંતિ રહે અને સમગ્ર વિશ્વમાં માનવતાનો વિજય થાય.

સૌના જીવનમાં સુખનો સૂરજ ઊગતો રહે, દરેક હૃદયમાં પ્રેમનો દીપ જલતો રહે, ન રહે વૈર, ન રહે કોઈના મનમાં દ્વેષ, મા અંબાની કૃપાથી સકળ વિશ્વનું શુભ થતું રહે!

જય માતાજી! શુભ નવરાત્રી!

ઝાંપો : કાઠિયાવાડી સંસ્કૃતિની આબરુ સાચવતો દરવાજો



આદ્યશક્તિ મા જગદંબાની ઉપાસનાનું પર્વ એટલે નવરાત્રી નવરાત્રીની શરૂઆત થઈ ગઈ છે. નવલા નોરતામાં ગામડાઓની તેમજ શહેરોની શેરી ગરબીઓ વિસરાઈ ગઈ છે. જેના અનેક માઠા પરિણામો પણ આપણે ભોગવી રહ્યા છીએ. જગત જનની મા જગદંબા ફરીથી આ દેશમાં સંસ્કાર અને સંસ્કૃતિ ધબકતા કરે એવી પ્રાર્થના. કાઠિયાવાડની ધરતી માત્ર ખેતી, પશુપાલન, દરિયો, ડુંગર અને ગીરના સાવજ માટે જ જાણીતી નથી. કાઠિયાવાડની સાચી ઓળખ તો તેની માટીની સુગંધમાં, ગામડાની સાદગીમાં અને લોકોની બોલીમાં વસે છે. અહીંનો એક-એક શબ્દ પોતાની અંદર એક આખી જીવનશૈલી અને સંસ્કૃતિનો ઈતિહાસ લઈને ફરે છે. એવો જ એક મીઠો અને અર્થસભર કાઠિયાવાડી શબ્દ છે. "ઝાંપો". આ શબ્દ નવી પેઢીમાં વિસરાઈ રહ્યો છે ત્યારે વડીલો પાસે બેસીને ક્યારેક સમય મળે તો ભૂતકાળ વાગોળવા નો પ્રયત્ન અવશ્ય કરજો ગામના પ્રવેશદ્વારને ગામનો ઝાંપો કહેવાય છે. ગામમાં પ્રવેશતા જ જે જગ્યા આપણને કહે છે કે હવે તમે ગામની સીમામાં પ્રવેશી રહ્યા છો, એ ઝાંપો માત્ર રસ્તાનું પ્રવેશદ્વાર નથી, એ તો ગામની ઓળખ અને ગામની સામૂહિક સંસ્કૃતિનું પ્રતીક છે. દાખલા તરીકે સાવરકુંડલામાં દેવળાનો ઝાંપો.

ગામડામાં કોઈ વાડો, વાડી કે ખેતરનો પ્લોટ હોય અને ત્યાં પાકો દરવાજો ન હોય, ત્યારે બાવળના કાંટા, ડાળીઓ કે લાકડાંથી બનાવવામાં આવતો સાદો દરવાજો પણ "ઝાંપો" કહેવાય છે. શહેરની નજરે કદાચ એ સામાન્ય કાંટાળું બારણું લાગે, પરંતુ ગામડાના માણસ માટે એ પોતાની જમીન, પોતાની મહેનત અને પોતાના ઘર-વાડાની હદ સાચવતું રક્ષણ છે.

ખાસ કરીને માલધારીઓના જીવનમાં તો ઝાંપાનું પોતાનું આગવું મહત્વ છે. માલધારી જ્યાં પોતાના ઢોર સાથે ઝોક બાંધે, ત્યાં ઝોકના પ્રવેશદ્વારને પણ ઝાંપો કહેવામાં આવે છે. એ ઝાંપો કોઈ લોખંડનો મજબૂત દરવાજો નથી હોતો. ઘણી વખત બાવળની કાંટાળી ડાળીઓથી બનાવેલો સાદો ઝાંપો જ હોય છે. પરંતુ એ સાદગીમાં પણ સુરક્ષા છે, વ્યવસ્થા છે અને પોતાના પશુધન પ્રત્યેની જવાબદારી છે.

આ ઝાંપાની સૌથી મોટી વિશેષતા એ છે કે તે માત્ર રસ્તો બંધ કરતો નથી, પરંતુ "આ મારી જગ્યા છે" એવી મર્યાદાની રેખા પણ દોરી આપે છે. ગામડાના જીવનમાં મર્યાદાનું ખૂબ મોટું મહત્વ છે. જમીનની મર્યાદા હોય, વાડાની મર્યાદા હોય કે સંબંધોની મર્યાદા હોય, કાઠિયાવાડી માણસ મર્યાદાને માન આપે છે.એટલે જ કદાચ "ઝાંપો" શબ્દને માત્ર દરવાજા તરીકે જોવો એ તેની સાથે અન્યાય છે.ઝાંપો આબરુનો પણ રખેવાળ છે.

ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

ગામડામાં કહેવાય છે કે ઘર નાનું હોય કે મોટું, વાડો કાચો હોય કે પાકો, પણ પોતાની આબરુ અને મર્યાદા સાચવવાની ભાવના મોટી હોવી જોઈએ. બાવળના કાંટાથી બનેલો ઝાંપો ભલે દેખાવમાં નબળો લાગે, પરંતુ તે પોતાના ઘરની હદ, પોતાના પશુધનની સુરક્ષા અને પોતાની ખાનગી જગ્યા સાચવવાનો સંદેશ આપે છે.

સમય બદલાયો છે. બાવળના ઝાંપાની જગ્યાએ આજે લોખંડના ગેટ આવ્યા છે. કાચા રસ્તાની જગ્યાએ પાકા રસ્તા આવ્યા છે. ગામના પ્રવેશદ્વાર પણ ભવ્ય બન્યા છે. છતાં "ઝાંપો" શબ્દ હજુ જીવંત છે, કારણ કે શબ્દ માત્ર ભાષામાં નથી જીવતો; શબ્દ લોકોના જીવનમાં જીવતો હોય છે.

કાઠિયાવાડી ભાષાના આવા શબ્દો આપણા લોકજીવનની જીવતી મૂડી છે. "ઝાંપો" આપણને શીખવે છે કે રક્ષણ માટે હંમેશાં મોંઘી વસ્તુની જરૂર નથી હોતી. ક્યારેક બાવળના કાંટાથી બનાવેલો સાદો દરવાજો પણ માણસની જમીન, પશુધન, ઘર અને સૌથી મહત્વની વાત તેની આબરુ સાચવી શકે છે.

આથી ઝાંપો માત્ર એક દરવાજો નથી.ઝાંપો એટલે ગામની ઓળખ. ઝાંપો એટલે મર્યાદાની રેખા.ઝાંપો એટલે માલધારીનું ઘર.ઝાંપો એટલે ખેડૂતની વાડી.

ઝાંપો એટલે પોતાની જમીનની હદ. અને સૌથી વધીને ઝાંપો એટલે કાઠિયાવાડી માણસની આબરુનો રખેવાળ. એટલે તો કવિ દુલાભાયા કાગની રચનામાં માનવીની પાસે કોઈ માનવી આવે તો એને ઝાંપા સુધી વળાવવા જજે એ રચના કેમ ભૂલી શકાય. આધુનિક સમયની યાત્રામાં પરંપરાઓ અને શબ્દો એ ભુલાઈ રહ્યા છે બધાને અંગ્રેજીની ઘેલશા લાગી છે પરંતુ આજે પણ ચીન પોતાની માતૃભાષામાં જ વિશ્વના દેશો સાથે વ્યવહાર અને વ્યવસાય કરે છે એ ભૂલવું ના જોઈએ ઝાંપો ભૂલાયો ગામનું પાદર ભુલાયું અને ગામડાઓનો ઈતિહાસ ભુલાઈ એ પહેલા જાગવાનો સમય ખરો.

:: તિખારો ::

મનમાંથી ઉતરી ગયેલા અને હૃદયમાંથી નીકળી ગયેલા લોકો નજર સમક્ષ આવી અને ગમે એટલા સત્યવાદી બનવાનો પ્રયત્ન કરે તોપણ તેઓને સ્વીકારી શકાય નહીં કારણકે સમયે સમયે આપણે તેઓનું ઓરીજનલ રૂપ જોયું હોય છે

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

અઠવાડીક ખેતી કાર્યો

તુવેર : મોલોમસી : ઓળખ: બચ્ચાં તેમજ પુખ્ત મોલો પીળાથી કાળાશ પડતાં રંગના અને પોચા શરીરવાળા હોય છે. તેના શરીરનાં પાછળના ભાગે નળી જેવા બે ભાગ આવેલા હોય છે. પુખ્ત મોલો પાંખવાળી અથવા પાંખ વગરની હોય છે. **નુકસાન :** સામાન્ય રીતે આ જીવાતનો ઉપદ્રવ ચોળા તેમજ વાલનાં પાકમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. આ જીવાત છોડની કૂમળી ડાળી, પાન અને શીંગોમાંથી રસ ચૂસે છે, પરિણામે પાન પીળા પડી જાય છે. છોડની વૃધ્ધિ અટકે છે. મોલો પોતાનાં શરીરમાંથી મધ જેવો ચીકણો પદાર્થ બહાર કાઢે છે. જે પાંદડાની સપાટી પર ચોંટે છે અને પાન ચમકતા દેખાય છે. જેને ખેડૂતો મધિયો આવ્યો તેમ કહે છે. આ પદાર્થ પર કાળી ફૂગ વૃધ્ધિ પામે છે, જેના લીધે આખા છોડ કાળા રંગનાં દેખાય છે. પાન કાળા થઈ જતાં પ્રકાશ સંશ્લેષણની ક્રિયામાં અવરોધ ઉભો થાય છે. જેથી ઉત્પાદકતા પર માઠી અસર થાય છે. આ જીવાત વિષાણુંજન્ય રોગો જેવા કે ચોળામાં પીળીયો અને ચણામાં સ્ટન્ટ રોગોનો ફેલાવો કરે છે.



નિયંત્રણ: શોષક પ્રકારની દવા, જેવી કે ડાયમીથોએટ ૧૦ મિ.લિ. અથવા ફલોનીકામાઈડ ૩ ગ્રામ અથવા થાયામીથોકઝામ ૪ ગ્રામ અથવા ઈમિડાકલોપ્રીડ ૪ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં મેળવીને જરૂરત મુજબ છંટકાવ કરવો.

કપાસ: ● ભલામણ મુજબ ૬ થી ૮ પિયત ૫૦ મી.મી. ઉંડાઈના આપવા જે પૈકી વરસાદ બંધ થયેથી ૧ માસ બાદ ૪ પિયત ૧૫ દિવસના અંતરે, બાકીના ૨૦ દિવસના અંતરે આપવા.

ખેતરમાં પરજીવી પરભક્ષીઓની જાળવણી કરવી.હવે ચોમાસાએ લગભગ વિદાય લઈ લીધી છે એટલે શિયાળુ પાક માટે આયોજન કરી રાખો. હાલ વધુ વરસાદ પછી કપાસમા સુકારો આવવાની શક્યતા :

વરસાદ પછી જો કપાસનો છોડ નમી ગયેલ હોય તો તેને ઉભો કરી પગથી દબાવી દેવો જોઈએ, ત્યાર બાદ યુરીયા અથવા એમોનીયા સાથે ૧૫૦ ગ્રામ સાફ, ૧૫૦ ગ્રામ બ્લુ કોપર મીક્સ કરીને કપાસના થડે - થડે આપવું જોઈએ, ત્યાર બાદ કુવા અથવા બોરનું પાલર પાણી કાઢવું, પાવું જોઈએ. હાલ વધુ વરસાદ પછી ખેતરોમાં રહેલા ઉભા પાક કપાસ ગુલાબી ઈયળના નિયંત્રણ માટે પ્રાથમિક અખતરાઓ તેમજ ભલામણ જણાવી છે. જેમાં ખેતરમાં શેઢાપાળે રાખેલ સાદીઓનો બાળીને નાશ કરવો કપાસમાં શરૂઆતની અવસ્થાએ જૈવિક દવા સાવજ બ્યુવેરીયા ૬૦ ગ્રામ દસ લીટર પાણીમાં સ્ટીકર સાથે ભેળવી છોડ પુરેપુરો પલળી જાય તે રીતે છંટકાવ જ્યારે સોયાબીનનું વાવેતરમાં લશ્કરી નામની ઈયળોનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. જેનાં નિયંત્રણ માટે જૈવિક જંતુનાશક દવાઓ જેવી કે બ્યુવેરીયા બાસીયાના ૮૦ ગ્રામ/પંપ અથવા બેસીલસ થુરીન્જીનેસીસ (બી.ટી.) ૧૫-૨૦ મિલી/પંપ અથવા વિષાણું આધારિત ગીર સાવજ એચ.એન.પી.વી., એસ.એન.પી.વી. ૨૫ મિલી/પંપ પ્રમાણે અઠવાડિયાના અંતરે જરૂરિયાત મુજબ છંટકાવ કરવાથી પણ નિયંત્રણ લાવી શકાય તેમ છે.

દિવેલા: દિવેલાનો ઝાળ રોગ આ રોગ ફુગથી થાય છે.

● રોગની શરુઆતમાં પાન ઉપર આછા ભૂરા રંગના પડે છે. જે ધીમે ધીમે બદામી રંગના થઈ જાય છે.

આ ટપકા વર્તુળાકાર હોય છે. આવા ટપકા મોટા થઈ એક બીજા સાથે ભળી જઈ પાનને સુકવી નાંખે છે.

● નિયંત્રણમાટેરોગની શરૂઆત થતા તુરત જ ૧૦ લીટર પાણીમાં મેન્કોઝેબ ૨૫ ગ્રામ અથવા તાંબા યુક્ત દવા કોપર ઓક્ઝીક્લોરાઈડ ૪૦ ગ્રામ પમ્પમાં નાખી છંટકાવ કરવો. રોગ વધે તો ૧૫ દિવસે બીજો છંટકાવ કરવો.

● દિવેલા ૧૦૦ દિવસના થાય ત્યારે ૮૪ કિલો યુરીયા પુરતી ખાતર આપવું.

ભલામણ મુજબ ૬ થી ૮ પિયત ૫૦ મી.મી. ઉંડાઈના આપવા જે પૈકી વરસાદ બંધ થયેથી ૧ માસ બાદ ૪ પિયત ૧૫ દિવસના અંતરે, બાકીના ૨૦ દિવસના અંતરે આપવા.

ઘઉં:

● પિયત ઘઉં માટે વહેલી વાવણી માટેજીડબલ્યુ– ૧૯૦

● સમયસર ની વાવણી માટે જીડબલ્યુ– ૧૯૦ અનેલોક -, જીડબલ્યુ – ૪૯૬, ૧૯૦, ૫૦૩, ૨૭૩, ૩૨૨, ૩૬૬, ૧૧૩૯, ૪૫૧,૪૬૩, રાજ – ૧૫૫૫

● બિનપિયત માટે અરણેજ – ૨૦૬, જીડબલ્યુ – ૧,૨

● મોડા વાવેતર માટે જીડબલ્યુ –૧૭૩, લોક-૧નું વાવેતર કરવું.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગટ કૃષિ યુનિવર્સિટી, જૂનાગટ. ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

શાકભાજી:

● ડુંગળીમાં કુક્કુ રોગ ન આવે તે માટે પ્રોપીનાઝોલ ૪૦ ગ્રામ અને કાર્બેન્ડાઝીમ ૧૫ ગ્રામ ૧ પંપમાં વારાફરતી કોઈ એક દવા નાખી ૧૫ દિવસના અંતરે ૩ છંટકાવ કરવા.

● ડુંગળી નાસીકનું ધરુ ને ફેર રોપણી અથવા સીધુ બીજ નાંખીને પણ વાવી શકાય.

● ભીંડાના હવામાન ગરમ હોય તો પાન કથીરીના ઉપદ્રવ વધેતો ઈથીઓન ૩૦ મિલી પંપમાં નાખી છંટકાવ કરવો.

● વેલાવાળા શાકભાજીમાં તળછારાના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૪૦ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ ૨૭ ગ્રામ અથવા ફોઝેટાઈલ ૧૨.૫ ગ્રામ ૧૦ લીટર પાણીમાં પંપમાં નાખી છંટકાવ કરવો.

● મરચી પાકમાં મિક્સ માઈક્રોન્યુટ્રીયન્ટ ગ્રેડ – ૪ ૧૦૦ ગ્રામ પંપમાં નાખી ૧૦ દિવસના ગાળે બે છંટકાવ કરવા.

● પાપડી : ગુજરાત ભારતીય કઠોળ ૩ (**GIB** ૩: સોરઠ હરિતા)

● જાતો; ગુજરાત પાપડી-૧ (૧૯૭.૬૫ ક્વિન્ટલ/હેક્ટર) અને **GJIB** ૨ (૧૪૮.૮૫ ક્વિન્ટલ/હેક્ટર),

● અનુક્રમે. **GIB** ૩ ની શીંગો મધ્યમ લાંબી કદની અને સફેદ લીલા રંગની હોય છે. આ જાતમાં પ્રોટીનનું પ્રમાણ વધુ હોય છે. આ જાતમાં ક્લસ્ટર શીંગ બેરિંગની આદત છે તેથી, તે સરળતાથી શીંગ ચૂંટવા માટે યોગ્ય છે. તે પાંદડાના ટપકા, મોઝેક રોગો સામે મધ્યમ પ્રતિકારક છે જ્યારે, તપાસેલી જાતોની તુલનામાં શીંગખાનાના બોરર નુકસાન ઓછું જોવા મળ્યું છે.

લસણ :

● લસણના પાકને ઠંડી અને સુકી આબોહવા વધુ માફક આવે છે. લસણની કળીઓના વિકાસ માટે ઠંડી અને લાંબી રાત્રિવાળુ વાતાવરણ વધુ માફક આવે છે.

● લસણનું વાવેતર ૧૦ થી ૨૦ ઓકટોબર દરમ્યાન કરવાથી વધુ ઉત્પાદન મળે છે.

● લસણનું વાવેતર ઓરીને કરવું જોઈએ જે માટે હેકટરે ૭૦૦ કિ.ગ્રા./હે કળીઓની જરૂર પડે છે.

● લસણની નિકાસ માટે યમુના સફેદ-૩ (જી-૨૮૨), એગ્રીફાઉન્ડ પાર્વતી, જીજી-૨,૪ અને જીજી-૫ જાતોનું વાવેતર કરવું જોઈએ. જયારે પાવડર માટે જીજી-૩, એગ્રીફાઉન્ડ સફેદ(જી-૪૧) કે યમુના સફેદ-૨ (જી-૫૦) જાતનું વાવેતર કરવું.

● દર વર્ષ એકની એક જમીનમાં લસણનું વાવેતર ન કરતા પાકની ફેરબદલી કરવી. શકય હોય તો લસણનું વાવેતર નવી જમીનમાં કરવું.અને દર વર્ષે લસણના બિયારણની અદલા બદલી કરવી જોઈએ.


● નિંદણ નિયંત્રણ માટે વાવેતર બાદ પ્રથમ પિયત પછી બીજા દિવસે પેન્ડામીથેલીન ૪૦ મી.લી. દવા અથવા તો વાવેતર પહેલા બાસાલીન ૪૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો

બાગાયત :

● લીંબુમાં બદામી ટપકાના નિયંત્રણ માટે કોપર એકઝીકલોરાઈડ ૪૦ ગ્રામ અને ૧.૫ ગ્રામ સ્ટ્રેપ્ટોસાયકલીનના બે છંટકાવ ૧૫ દિવસના ગાળે કરવા.

● નારીયેળીનાં વાવેતર માટે વાનફેર,લોટણ, ડી × ટી અને ટી × ડી જાતનું વાવેતર કરવું.

● નાળિયેરીનાં પાકમાં આંતર પાક તરીકે કેળ, સૂરણ, તાનીયા, હળદર જેવા પાકો વાવી શકાય



● આંબો ઓક્ટોબર કે નવેમ્બર માસમાં પોટેશિયમ નાઈટ્રેટ ૨ ટકાના દ્રાવણના બે છંટકાવ કરવા.

● ચીકુમાં બીજ કોરી ખાનારી જીવાતના નિયંત્રણ માટે ચોમાસા પછી ઓકટોબર અને નવેમ્બર મહિનામાં પોલીટ્રીનસી-૧૦ મિ.લિ. અથવા પ્રોફેનોફોસ ૧૨.૫ મિ.લિ. અથવા લેમડા - સાયહેલોથ્રીન-૧૦ મિ.લિ. દવાનું ૧૦ લિટર પાણીમાં મિશ્રણ ૨૦ થી ૨૫ દિવસના અંતરે કરવાથી નિયંત્રણ થાય

● સુકારાના નિયંત્રણ માટે રોગગ્રસ્થ ઝાડ ફરતેથી માટી દુર કરી ૨૦ દિવસના અંતરે ત્રણ વાર ૨૦ લીટર પાણીમાં ૨૦ ગ્રામ કાર્બેન્ડીઝીમ દવા અને ૨૦૦ ગ્રામ યુરિયા ભેળવી રેડવું

● ચોમાસા પછી ચીકુમાં સુકારો રોગ આવે છે. તેના નિયંત્રણ માટે પ્રથમ તો ચીકુવાડીયામાં ડાંગર જેવા પાક લેવો જોઈએ નહી. ચોમાસામાં પાણી ભરવા દેવું નહી. નિતાર નીકની વ્યવસ્થા કરવી. ઝાડ ફરતે ચીકુવાડીયામાં સેન્દ્રિય ખાતરો સાથે ટ્રાયકોડર્મા મિશ્ર કરી રીંગ બનાવી જમીનમાં આપી જૈવિક નિયંત્રણ પણ કરી શકાય છે.

● ચોમાસું પૂરુ થયા પછી બોરના ઝાડ ફરતે કાળા પ્લાસ્ટિકનું મલ્ચ (૨૫ માઈક્રોન) પાથરવાથી વધુ ઉત્પાદન મળે છે.

● લીંબુના પાકમાં પાન કોરીયા અને કાળી માખીના નિયંત્રણ માટે ઈમિડાક્લોપ્રીડ (૪ મિ.લિ./૧૦ લીટર) નો છંટકાવ કરવો.

મકાઇના પાકમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન



પક્ષીઓથી થતું નુકસાનઃ વાવેલા દાણાની અવસ્થાએ મુખ્યત્વે કાગડા, કબૂતર, લેલા વગેરે દ્વારા નુકસાન થાય છે અને તે વાવેલા દાણાને જમીનમાંથી ખોદી કાઢીને ખાઈ જાય છે. પક્ષીઓ પાણીમાં પલળી ગયેલા બીજ કે જેનું અંકુરણ થવાનું હોય છે તેને વધારે પસંદ કરે છે. પાકની અંકુરણ અવસ્થાએ મુખ્યત્વે કાગડા દ્વારા નુકસાન જોવા મળે છે તે કુમળા ઊગતા છોડને નુકસાન પહોંચાડે છે. ફૂલ અવસ્થા દરમિયાન સુડા મુખ્યત્વે ચસરી, પરાગરજ અને પરાગકોષને નુકસાન કરે છે. પાકની દૂધિયા દાણા અવસ્થાએ જ્યારે ડોડો બેસે છે ત્યારે સુડા દ્વારા નુકસાન થતું જોવા મળે છે તે નાજુક ડોડાનીમૂંછ અને ફોતરા સાથે કોરી ખાય છે. પાકની દૂધિયા અવસ્થાએ સૂડા લીલા કોતરને કાપીને ટુકડા કરી નાખે છે તથા ડોડાઓને ખુલ્લા કરીને તેમાં રહેલા દાણા કોરી ખાય છે. કણક અવસ્થાએ સૂડા ખુલ્લા થયેલા દાણા કોરી ખાય છે. પાકની પુખ્ત અવસ્થાએ ડોડા સંપૂર્ણપણે ખુલ્લા પડી જવાથી કાગડા અને સૂડા સંપૂર્ણ રીતે કોરી ખાય છે.

સંકલિત વ્યવસ્થાપનઃ

● ખેતરમાં નુકસાનકારક પક્ષીઓના નિયંત્રણ માટે જે તે વિસ્તારની પરિસ્થિતિને અનુરૂપ જુદી-જુદી રીતો અપનાવી પક્ષીઓથી થતું નુકસાન નિવારી શકાય છે.

● ખેતીપાકોને પક્ષીઓથી બચાવવા માટે ખેડૂતો સદીઓથી 'ચાડીયા' નો ઉપયોગ કરતા આવ્યા છે. ઘાસના પૂળા અને પરાળમાંથી મનુષ્યના આકારનું પુતળુ બનાવી ખેતરમાં પાક વચ્ચે ઉભુ મુકવાથી પક્ષીઓ તેને જોઈને દુર રહેતા હોય છે.

● ઘણી વખત પક્ષીઓના મૃત શરીરને ખેતરમાં ઝાડની ડાળીઓ સાથે કે ખાસ પ્રકારે ઉભા કરેલા થાંભલા પર બીજા પક્ષીઓ જુએ તે રીતે બાંધવામાં આવતા પક્ષીઓ ડરીને ખેતરમાં આવતા નથી.

● પક્ષીઓને દુર રાખવા માટે ગોફણનો ઉપયોગ કરવામાં આવે છે. તેના વડે નાના પથ્થરને દુર ફેંકી પક્ષીઓને દુર ભગાડી શકાય છે.

● કેટલીક વખત ફટાકડા ફોડીને કે ખાસ પ્રકારની બંદૂક વડે ધડાકો કરીને પણ પક્ષીઓને ખેતરથી દુર રાખી શકાય છે. આ જ રીતે પતરાના ખાલી ડબ્બાને ઝાડની ડાળી સાથે દોરી વડે લટકાવી દોરીનો બીજો છેડો દૂર બેઠા બેઠા સંચાલિત કરવાથી ડબ્બો ઝાડની ડાળી સાથે અથડાતા અવાજ ઉત્પાદન કરે છે અથવા આવા ખાલી ડબ્બાને લાકડાના ટુકડા વડે અથડાવતા અવાજ પેદા થાય છે જેનાથી પક્ષીઓ દૂર ભાગે છે.

● પક્ષીઓ ખેતરમાં આવે નહીં તે માટે ખાસ પ્રકારની ચળકાટ મારતી (રિફ્લેક્ટીવ રિબિન) વાપરવાથી પક્ષીઓની આંખો તીવ્ર પ્રકાશથી અંજાય જાય છે. સૂર્યપ્રકાશની હાજરીમાં આ પટ્ટીઓ દ્વારા પ્રકાશનું રીફલેક્શન થતાં પક્ષીઓ આવી પટ્ટીઓ ધરાવતા ખેતરમાં આવવાનુ ટાળે છે. મકાઈના પાકમાં આનુ ખુબ જ સારૂ પરિણામ જોવા મળેલ છે.

● જો પાક નાના વિસ્તારમાં લીધેલ હોય તો પાકને પાતળા તાર, નાયલોન કે હાઈ ડેન્સિટી પ્લાસ્ટીકની જાળીથી ઢાંકી દઈ પક્ષીઓને નુકસાન કરતા અટકાવી શકાય છે.

● પક્ષીઓને દૂર રાખવા માટે સ્વયં સંચાલિત અવાજ ઉત્પન્ન કરતા યાંત્રિક ઉપકરણ (બર્ડ સ્કેર) ના ખુબ જ સારા પરિણામો જોવા મળેલ છે.

● પક્ષીઓમાં ભય ઉત્પન્ન કરે તેવા ખાસ પ્રકારના અવાજ (ડીસ્ટ્રેસ અથવા એલાર્મ કોલ)ને ટેપ રેકોર્ડમાં ટેપ કરી આવા અવાજને લાઉડ સ્પીકર દ્વારા મોટા અવાજ સ્વરુપે પ્રસાર કરવામાં આવે તો જે તે પક્ષીઓ તેનાથી ભયભીત થઈને દૂર ભાગે છે.

● પક્ષીઓના નિયંત્રણ માટે જે તે વિસ્તારના બધા જ ખેડૂતો સામૂહીક ધોરણે પગલાં લે તે વધુ હિતાવહ છે. પક્ષીઓના નિયંત્રણ માટે કોઈ એક જ પધ્ધતિનો ઉપયોગ ન કરતા જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં એક કરતા વધારે પધ્ધતિનો ઉપયોગ કરી નુકસાન ઘટાડવા પ્રયત્ન કરવો જોઈએ.આ ઉપરાંત મકાઈના પાકમાં કાતરા, ઘૈણ અને લશ્કરી ઈયળનો ઉપદ્રવ પણ વાતાવરણ અનુકૂળ હોય તો ક્યારેક જોવા મળે છે. જેના નિયંત્રણ માટે વૈજ્ઞાનિકો/વિસ્તરણ કાર્યકરોની સલાહ મુજબ યોગ્ય પગલા લેવા.

નોંધ : ૧. રાસાયણિક કીટનાશકનાં છંટકાવ અને કાપણી વચ્ચે ઓછામાં ઓછો ૧૫ દિવસનો સમયગાળો જાળવવો.

ડો. એમ. કે. કાનાણી, ડો.એચ. સી. પટેલ, શ્રીપ્રેમચોધરી અને ડો. ડી. બી. સિસોદિયા કિટકશાસ્ત્રવિભાગ, બં. અ. કૃષિમહાવિદ્યાલય, આ. કૃ. યુ., આણંદ

૧૦ રૂપિયાનું ફળ "કોઠું"

આયુર્વેદમાં કેટલાય એવા ઝાડ-છોડ છે, જેના મૂળ, ડાળી, પાન, ફળ-ફુલ ખૂબ જ કામમાં આવે છે. તેના ઉપયોગથી કેટલીય ગંભીર બીમારીઓથી છુટકારો મળી જાય છે. આવી જ ઔષધીઓથી ભરપૂર એક ફળ છે, જેના કોઠાના નામથી ઓળખવામાં આવે છે. કોઠાનું વનસ્પતિક નામ લિમોની એસિડિસિમા (**Limonia Acidissima**) છે. બિલિપત્રની માફક દેખાતા આ ફળ હાથીઓને ખૂબ જ પસંદ હોય છે. એટલા માટે દુનિયાના કેટલાય ભાગમાં તેને એલિફન્ટ એપલ પણ કહેવાય છે. કોઠા ફળ ભલે દરેક લોકોએ ખાધું ન હોય પણ તેનું નામ ચોક્કસપણે સાંભળ્યું હશે., તે તેના વિશિષ્ટ ખાટા-મીઠા સ્વાદ અને અદ્‌ભુત ઔષધીય ગુણો માટે જાણીતું છે. આયુર્વેદમાં પણ આ ફળને ખૂબ જ ગુણકારી માનવામાં આવ્યું છે એ ભારતમાં જોવા મળતું એક ખૂબ જ ગુણકારી ફળ છે. તેને ગુજરાતના અલગ-અલગ વિસ્તારોમાં કોઠું, કોઠાં કે કવઠ તરીકે પણ ઓળખવામાં આવે છે.

● દેખાવઃ આ ફળનું બહારનું કવચ (છાલ) પથ્થર જેવું એકદમ મજબૂત, કઠણ અને સહેજ સફેદ-ભૂખરા રંગનું હોય છે.

● અંદરનો ભાગઃ ફળને તોડતા અંદરથી ચીકણો, બ્રાઉન (કથ્થઈ) રંગનો માવો નીકળે છે, જેમાં નાના-નાના બીજ હોય છે.

● સ્વાદઃ તેનો સ્વાદ ખાટો-મીઠો અને તૂરો હોય છે. તેમાંથી ખૂબ જ તીવ્ર અને અનોખી સુગંધ આવે છે.

કોઠાનું પોષણ મૂલ્ય (**Nutritional Value per 100g**)

કોઠાના ફળની અંદર રહેલો પલ્પ (ગર્ભ) પોષક તત્ત્વોનો ભંડાર છે. આશરે ૧૦૦ ગ્રામ કોઠાના પલ્પમાંથી નીચે મુજબના પોષક તત્ત્વો મળે છે:

● કેલરીઃ ~૭૮-૯૫ કેલરી

● કાર્બોહાઈડ્રેટ્સઃ ૨૭.૫ ગ્રામ

● પ્રોટીનઃ ~૩.૧ ગ્રામ (અન્ય ફળોની સરખામણીએ વધુ)

● ફાઈબર (રેસા): ૨૫.૨ ગ્રામ

● વિટામિન્સઃ વિટામિન C (ભરપૂર માત્રામાં), વિટામિન છ, વિટામિન B૧ (થાયમીન) અને વિટામિન B૨ (રીબોફ્લેવિન).

● ખનિજો (**Minerals**): કેલ્શિયમ (૨૫૫.૭ મિલિગ્રામ), પોટેશિયમ (૨૩૪૭ મિલિગ્રામ), આયર્ન, ફોસ્ફરસ અને ઝિંક.

કોઠું ખાવાના મુખ્ય ફાયદા (**Health Benefits**)

● પાચનતંત્ર માટે અમૃતઃ કોઠામાં ફાઈબરની માત્રા ખૂબ સારી હોય છે, જે કબજિયાત, ગેસ અને પેટની અન્ય સમસ્યાઓમાં રાહત આપે છે. તેનો કાચો પલ્પ અથવા શરબત ડાયેરિયા (ઝાડા) અને મરડા (**dysentery**) માં પણ ફાયદાકારક છે.



● હરસ-મસાથી બચાવેઃ કોઠાનું સેવન હરસ-મસાની તકલીફ દૂર કરવામાં અસરકારક માનવામાં આવે છે. ખરેખર, કોઠું ફાઈબર અને રફેજ મેટાબોલિક રેટ વધારવાની સાતે બોવેલ મૂવમેન્ટમાં સુધાર લાવવાનું કામ કરે છે.

શ્રીમતી હિનાબેન એમ. પટેલ વિષય નિષ્ણાત- હોમ સાયન્સ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જી. પાટણ

તે ઉપરાંત તે મૂત્ર માર્ગનો સોજો પણ ઘટાડે છે. જો કે બીમારીના હિસાબે તેનું નિયમિત સેવન જરૂરી છે.

● શરીરને ઠંડક આપે છેઃ ઉનાળાની ગરમીમાં કોઠાનું શરબત પીવાથી શરીરને તરત જ ઠંડક મળે છે અને પિત્તના કારણે થતી બળતરા શાંત થાય છે. અને ઉનાળામાં લૂ લાગવાથી બચાવે છે.

● રોગપ્રતિકારક શક્તિ (**Immunity**) વધારે છેઃ વિટામિન C અને એન્ટી-ઓક્સિડન્ટ્સથી ભરપૂર હોવાને કારણે તે ઈન્ફેક્શન, શરદી-ઉધરસ સામે લડવામાં શરીરની ઈમ્યુનિટી મજબૂત કરે છે.

● ડાયાબિટીસ અને કોલેસ્ટ્રોલ નિયંત્રણઃ કોઠામાંથી નીકળતું ફેરોનિયા ગૂંદા ડાયાબિટીસના દર્દીઓ માટે રામબાણ ઈલાજ છે. આ ફળ બ્લડ સર્ક્યુલેશનમાં સુગરનું બેલેન્સ જાળવી રાખવામાં મદદ કરે છે. તેના નિયમિત સેવનથી બ્લડમાં ગ્લુકોઝનું લેવલ ઓછુ થાય છે. આ ઉપરાંત તે ઈંસુલિન સેલ્સને પણ વધારવામાં મદદ કરે છે. જેથી તે ઝડપથી કામ કરે અને સુગર મેટાબોલિઝમને સરળ બનાવે.તેનો ગ્લાયસેમિક ઈન્ડેક્સ (**GI**) ઓછો હોય છે અને તે લોહીમાં શર્કરાનું સ્તર અચાનક વધવા દેતું નથી.

● નેચરલ ડિટોક્સિફાયરઃ આ ફળ લીવર અને કિડનીને સાફ રાખવામાં (ડિટોક્સ કરવામાં) મદદ કરે છે, જેનાથી ત્વચા પણ હેલ્થી અને ચમકદાર બને છે.

● લોહીની ઉણપ (એનિમિયા) દૂર કરે છેઃ તેમાં રહેલું આયર્ન શરીરમાં હિમોગ્લોબિનનું સ્તર સુધારે છે અને એનિમિયાના દર્દીઓ માટે ગુણકારી છે.

● હાઇ કોલેસ્ટ્રોલ કરે કંટ્રોલઃ કોઠામાં રહેલું રફેજ અને ફાઈબર નસોમાં જામેલા કોલેસ્ટ્રોલને શોષે છે અને તેને શરીરમાંથી બહાર નીકાળવામાં મદદ કરે છે. આ ઉપરાંત તેમાં રહેલું વિટામિન સી બ્લડ વેસેલ્સને પહોળી કરે છે અને લોહીની ઝડપને સુધારવાનું કામ કરે છે. તેવામાં હાઇ કોલેસ્ટ્રોલના દર્દીઓ કોઠાનું સેવન જરૂર કરવું જોઈએ. આ સાથે તે શરીરમાંથી ખરાબ કોલેસ્ટ્રોલ (**LDL**) ઘટાડવામાં પણ મદદરૂપ છે.

● લિવર -કિડનીને રાખે હેલ્થીઃ કોઠુ લિવર-કિડની સાથે સંબંધિત સમસ્યાઓ દૂર કરવામાં ખૂબ જ અસરકારક માનવામાં આવે છે. કોઠામાં ઘણા સંયોજન પણ હોય છે, જે ફ્રી રેડિકલ્સ સામે લડે છે અને શરીરના યોગ્ય કામકાજમાં મદદ કરે છે. કોઠાનો ગર લિવર અને કિડનીના સ્વાસ્થ્યની રક્ષા કરવામાં મદદરૂપ હોય છે. તેવામાં કોઠુ જરૂર ખાવ.

કોઠાનો એક ટુકડો બજારમાં માત્ર ૫ થી ૧૦ રૂપિયામાં મળે છે. તેનો ભાવ પણ તેના કદ પર આધાર રાખે છે. શહેરોમાં તેને ઉકાળીને પણ ખાવામાં આવે છે. તમે પાકેલા કોઠાના પલ્પને સીધો જ ચમચીથી થોડું મીઠું/ગોળ નાખીને ખાઈ શકો છો. આ સિવાય ઉનાળામાં તેનું કોઠાનું શરબત અથવા બારેમાસ તેની ખાટી-મીઠી ચટણી બનાવીને પણ આહારમાં સામેલ કરી શકાય છે નોંધઃ કોઠાના સ્વાસ્થ્ય લાભો વિશે અહીં આપવામાં આવેલી માહિતી ઘરેલું ઉપચાર અને મીડિયા રિપોર્ટ્સ પર આધારિત છે. અમારો હેતુ માત્ર તમને માહિતી આપવાનો છે.. તેના ઉપયોગો અને ફાયદાઓ વિશે નક્કર માહિતી માટે નિષ્ણાતની સલાહ લેવી જોઈએ.

ખોડલધામ ખાતે નવરાત્રીના પ્રથમ નોરતે ભક્તિનો માહોલ છવાયો

કાગવડથી ખોડલધામ સુધી સતત ૧૬મા વર્ષે પદયાત્રાનું આયોજન

અમરેલી,તા.૧૧



આસો નવરાત્રીના પાવન પર્વના પ્રથમ નોરતે કાગવડ સ્થિત ખોડલધામ ખાતે ભક્તિમય માહોલ સર્જાયો હતો. કાગવડ ગામથી ખોડલધામ મંદિર સુધી સતત ૧૬મા વર્ષે પરંપરાગત પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી આ પદયાત્રા દરમિયાન જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયા અને નરેશ પટેલ વચ્ચે ઉષ્માભર્યું મિલન જોવા મળ્યું હતું. પદયાત્રાના પ્રારંભ પહેલાં કાગવડ ગામના તત્કાલ હનુમાનજી મંદિર ખાતે માતાજીની મહાઆરતી કરવામાં આવી હતી અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. ત્યારબાદ સવારે ૯ વાગ્યે ડીજેના તાલે અને ગરબાની રમઝટ સાથે 'જય મા ખોડલ'ના નાદ વચ્ચે પદયાત્રા પ્રસ્થાન થઈ હતી. આ પ્રસંગે ધારાસભ્ય રમેશ ટીલાળા, પૂર્વ ધારાસભ્ય અરવિંદ રૈયાણી, અનારબેન પટેલ સહિત ટ્રસ્ટના હોદ્દેદારો અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં પડતર પ્રશ્નને લઈ નોટરીઓએ આંદોલનની ચીમકી આપી : સરકારને પાંચ દિવસનું અલ્ટીમેટમ

અમદાવાદ, તા. ૧૧



ગુજરાતમાં વકીલોના આંદોલન વચ્ચે હવે નોટરીઓએ પણ પોતાની માગણીઓના ઉકેલ માટે આંદોલન કરવાની ચીમકી આપી છે.

અમદાવાદમાં ન્યૂ નોટરી ચેરિટેબલ એસોસિએશનની બેઠકમાં સરકાર સમક્ષ પાંચ માગણીઓ રજૂ કરીને પાંચ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. એસોસિએશનના જણાવ્યા મુજબ, સમયમર્યાદામાં પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો રાજ્યભરના નોટરીઓ વકીલમંડળોના સહયોગથી ઉગ્ર આંદોલન કરશે. નોટરીઓનો આક્ષેપ છે કે સોગંદનામાં અને વિવિધ દસ્તાવેજો સંબંધિત તેમની કેટલીક સત્તાઓ મામલતદાર તથા તલાટીને સોંપવામાં આવી છે. મેરેજ રજિસ્ટ્રેશન માટેના એફિડેવિટની સત્તા પણ બંધ કરાઈ હોવાની રજૂઆત કરાઈ છે. નોટરીઓએ સત્તાઓ પરત આપવા, જૂની વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા, પૂરતી નોટરી ટિકિટ ઉપલબ્ધ કરાવવા, ભદ્ર સેશન્સ કોર્ટ, મેટ્રો કોર્ટ અથવા જિલ્લા કોર્ટમાં વિતરણ કાઉન્ટર શરૂ કરવા અને બેઠક સહિતની સુવિધાઓ આપવાની માગ કરી છે.

જૂનાગઢની ૧૫ વર્ષની જેન્સી કાનાબારે ઓસ્ટ્રેલિયન ઓપન ટ્રોફી જીતી ઇતિહાસ રચ્યો


જૂનાગઢ, તા.૧૧

જૂનાગઢની ૧૫ વર્ષીય ટેનિસ ખેલાડી જેન્સી કાનાબારે આંતરરાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ મેળવી છે.

સાડા ત્રણ વર્ષની ઉંમરથી ટેનિસ રમતી જેન્સીએ જાન્યુઆરી-૨૦૨૬માં મેલબોર્ન ખાતે ઓસ્ટ્રેલિયન ઓપન એલાઇટ અંડર-૧૪ ટ્રોફી જીતી હતી. તે આ સિદ્ધિ મેળવનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની છે. મે મહિનામાં કઝાકિસ્તાન ખાતે જુનિયર બિલી જીન કિંગ કપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતાં તેણે તમામ છ મેચ જીતી હતી. એપ્રિલમાં પુણે ખાતે યોજાયેલી આઈટીએફ જે-૩૦૦ સ્પર્ધામાં તે રનર્સઅપ રહી હતી. જેન્સીના પિતા દીપકભાઈ તેના કોચ અને માર્ગદર્શક છે. જેન્સી દરરોજ સાત કલાક અભ્યાસ કરીને ટેનિસની રમતને વધુ મજબૂત બનાવી રહી છે.

ઈરાનની નાકાબંધી વચ્ચે અમેરિકાનો કાર્ગો જહાજ પર ફાઇટર જેટથી હુમલો

વોશિંગ્ટન,તા.૧૧



ઈરાન સામેની નાકાબંધી વચ્ચે અમેરિકાએ ઓમાનના અખાતમાં કાર્ગો જહાજ પર ફાઇટર જેટથી હુમલો કર્યો હતો. અમેરિકી સૈન્યના જણાવ્યા અનુસાર, પનામાના ધ્વજવાળા જહાજે ચેતવણીની અવગણના કરી નાકાબંધી તોડવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ હુમલો કરી તેની પ્રોપલ્શન સિસ્ટમ નિષ્ક્રિય કરવામાં આવી હતી. જોકે, જહાજના ક્રૂને કોઈ નુકસાન થયું નથી. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું કે 'એમ/વી ઓશન મોલિકા' નામનું જહાજ ઈરાની બંદરેથી રવાના થયા બાદ દરિયાઈ વિસ્તારમાં આગળ વધી રહ્યું હતું. અમેરિકાએ ઈરાની બંદરો પર આવતા-જતા જહાજો માટે નાકાબંધી લાગુ કરી છે. સેન્ટકોમના દાવા મુજબ, ત્રણ મહિનામાં ચાર જહાજોને નિષ્ક્રિય કરાયાં અને ૧૩ જહાજોને પરત મોકલાયાં હતાં. આ કાર્યવાહીથી ઓમાનના અખાત અને હોર્મુઝની સામુદ્રધુનીમાં દરિયાઈ વેપાર તથા વૈશ્વિક ઊર્જા પુરવઠા અંગે ચિંતા વધી છે.

પ્રેમ પ્રકરણમાં કેશોદમાં વંદે ભારત ટ્રેનની અડફેટે યુવકનો આપઘાત

જૂનાગઢ, તા. ૧૧

જૂનાગઢ જિલ્લાના કેશોદમાં વંદે ભારત ટ્રેનની અડફેટે આવતાં અપરનાથી ગામના વિજય નામના યુવકનું મોત નીપજ્યું છે.

વિજય કેશોદની ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતો હતો. પ્રાથમિક માહિતી મુજબ, યુવકના મોત પાછળ પ્રેમપ્રકરણ કારણભૂત હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાના પહેલાં વિજયે પોતાની પ્રેમિકાને મેસેજ કર્યો હોવાની માહિતી પણ સામે આવી છે.

જોકે, મેસેજમાં શું લખ્યું હતું અને યુવકે કયા સંજોગોમાં આ પગલું ભર્યું હતું, તે અંગે સત્તાવાર વિગતો બહાર આવી નથી. રેલવે પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે. યુવકના મોતનું સાચું કારણ તપાસ પૂર્ણ થયા બાદ સ્પષ્ટ થશે.

સણોસરી ગામે દીપડાનો ભય યથાવત, ગ્રામજનોની વન વિભાગ સાથે બેઠક

ઉના,તા.૧૧



ગીરગઢડા તાલુકાના સણોસરી ગામે દીપડાના હુમલામાં માસૂમ બાળકના દુઃખદ મોત બાદ ભયનો માહોલ સર્જાયો હતો. બાળકોનું શિક્ષણ પણ ખોરવાયું હતું. આ અંગે જશાધાર રેન્જના આરએફઓ કે.સી. ચૌહાણ સહિત વન વિભાગના અધિકારીઓ અને ધોકડવા જિલ્લા પંચાયતના સભ્યના પ્રતિનિધિ મનિષભાઈ જાલોધરાની આગેવાનીમાં ગ્રામજનોની બેઠક યોજાઈ હતી. ગ્રામજનોએ લેખિત રજૂઆત કરી સણોસરી અને આસપાસના વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ, સતત દેખરેખ અને સુરક્ષાનાં પગલાં ભરવાની માંગ કરી હતી. જો કે શાળા નજીક ફરી દીપડો દેખાતા ગ્રામજનોએ શિક્ષણનો બહિષ્કાર કર્યો હતો.

શાળા નજીક ફરી દીપડો દેખાતા ગ્રામજનોએ શિક્ષણનો બહિષ્કાર કર્યો

કોડીનાર પોલીસે રૂ. ૪ લાખના ખોવાયેલા ૨૨ મોબાઈલ શોધી માલિકોને પરત કર્યા

કોડીનાર,તા.૧૧



રાજ્ય સરકારના 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત કોડીનાર પોલીસ સ્ટેશનની ટીમે ટેકનિકલ કુશળતા અને CEIR પોર્ટલની મદદથી કુલ કિંમત રૂ. ૪,૦૫,૩૩૬ના ગુમ થયેલા કુલ ૨૨ મોબાઈલ ફોન શોધીને મૂળ માલિકોને પરત સોંપ્યા છે. મોબાઈલ ગુમ થવા અંગે મળેલી અરજીઓના આધારે પોલીસ ટીમે CEIR પોર્ટલનો ઉપયોગ કરીને ટેકનિકલ વિશ્લેષણ હાથ ધર્યું હતું. ટીમવર્ક અને સતત પ્રયત્નોના પરિણામે વિવિધ કંપનીના કુલ ૨૨ એન્ડ્રોઇડ મોબાઈલ ફોન શોધી કાઢવામાં સફળતા મળી હતી. ત્યારબાદ પોલીસ ઈન્સ્પેક્ટર એન.વી. હરિયાણીના હસ્તે તમામ મોબાઈલ ફોન તેમના મૂળ માલિકોને પરત સોંપાયા હતા. આજના સમયમાં મોબાઈલ ફોન સંદેશાવ્યવહાર, બેંકિંગ, વ્યવસાય અને રોજિંદા જીવન માટે અત્યંત મહત્ત્વનું સાધન બની ગયા છે. આવી સ્થિતિમાં કિંમતી મોબાઈલ ગુમ થવાથી નાગરિકોને આર્થિક નુકસાનની સાથે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

ઉના નજીક સામતેર ૧૦૮ની ટીમે સર્પદંશના દર્દીનો જીવ બચાવ્યો

ઉના,તા.૧૧



ગીર સોમનાથ જિલ્લાના સાણાવાકિયા ગામે ૪૫ વર્ષીય વ્યક્તિને સર્પદંશ થતાં સામતેર ૧૦૮ની ટીમ તાત્કાલિક પહોંચી હતી. દર્દીની હાલત ગંભીર હતી અને ધબકારા ધીમા પડતા હતા. ઈએમટી રસીલાબા ગોહિલ અને પાયલોટ અજયભાઈ ચુડાસમાએ સીપીઆર, ઓક્સિજન, દવાઓ સહિતની જરૂરી સારવાર આપી દર્દીને ઉનાની ખાનગી હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા. સમયસરની સારવારથી દર્દીનો જીવ બચ્યો હતો. પરિવારજનોએ ૧૦૮ની કામગીરીને બિરદાવી હતી.

કોડીનારની દીકરી અદિબાએ કુસ્તીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

ઉના,તા.૧૧



દેવભૂમિ દ્વારકા ખાતે યોજાયેલી SGFI-૨૦૨૬ રાષ્ટ્રીય કક્ષાની શાળાકીય કુસ્તી સ્પર્ધામાં કોડીનારની ચૌહાણ અદિબાએ અંડર-૧૯ વયજૂથની ૫૯ કિલોગ્રામ વજન શ્રેણીમાં બ્રોન્ઝ મેડલ જીતીને ગીર સોમનાથ જિલ્લાનું નામ રોશન કર્યું છે. અદનાન ચૌહાણની દીકરી અદિબાની આ સિદ્ધિથી પરિવારજનો અને રમતપ્રેમીઓમાં ખુશીની લહેર પ્રસરી છે. તેની સફળતા અન્ય દીકરીઓ માટે પ્રેરણારૂપ બની છે.

ઉના નગરપાલિકા ટાઉન હોલ ખાતે તાલુકા કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધા યોજાઈ

ઉના,તા.૧૧



ઉના નગરપાલિકાના ટાઉન હોલ ખાતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગીર સોમનાથ દ્વારા તાલુકા કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધા-૨૦૨૬ યોજાઈ હતી. આ કાર્યક્રમમાં ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યુવા કલાકારોનો ઉત્સાહ વધાર્યો હતો. વિવિધ કલાત્મક ક્ષેત્રોમાં ભાગ લેનાર કલાકારોની પ્રતિભાને બિરદાવવામાં આવી હતી.

કોડીનારની અંબુજા વિદ્યા નિકેતન સ્કૂલમાં દરિયાઈ કાચબાના સંરક્ષણ અંગે વર્કશોપ યોજાયો

અમરેલી,તા.૧૧



કોડીનાર ખાતે વન્ય પ્રાણી સપ્તાહ ૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે અંબુજા વિદ્યા નિકેતન સ્કૂલમાં દરિયાઈ કાચબાના સંરક્ષણ અને સંવર્ધન અંગે એક વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રકૃતિ નેચર ક્લબના જીગ્નેશ ગોહિલે પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને દરિયાઈ કાચબાની જીવનશૈલી, તેમના કુદરતી નિવસનસ્થાન અને સંરક્ષણના મહત્વ અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. જામવાળા રેન્જ વનવિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ માટે એક ચિત્ર સ્પર્ધા પણ યોજવામાં આવી હતી, જેમાં ઉત્સાહભેર બાળકોએ ભાગ લીધો હતો.

સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓને શિલ્ડ તેમજ પ્રમાણપત્રો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહક પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં વનવિભાગ, અંબુજા ફાઉન્ડેશન, અદાણી ફાઉન્ડેશન, પ્રકૃતિ નેચર ક્લબ અને શાળા પરિવારનો બહુમૂલ્ય સહયોગ રહ્યો હતો.

તાલાલામાં કારડીયા રાજપૂત સમાજનો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

ઉના,તા.૧૧



તાલાલા ખાતે શ્રી ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ દ્વારા ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમ તેમજ સરસ્વતી સન્માન સમારોહનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવપૂર્ણ પ્રસંગે રાજ્યસભાના સાંસદ તરીકે વરાયેલા માનસિંહ પરમારનું સમાજના અગ્રણીઓ દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

સન્માન સ્વીકારતા માનસિંહ પરમારે સમાજના વડીલો, ભાઈઓ અને બહેનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સમાજ તરફથી મળેલો આ પ્રેમ, સ્નેહ અને આશીર્વાદ તેમના માટે અત્યંત ગૌરવની બાબત છે, જે સમગ્ર સમાજની અખંડ એકતા અને ગાઢ વિશ્વાસનું પ્રતીક દર્શાવે છે.

તેમણે સમાજના સર્વાંગી કલ્યાણ અને વિકાસ કાર્યો માટે હંમેશાં કટિબધ્ધ રહેવાની ખાતરી આપી હતી. આ સાથે જ સરસ્વતી સન્માન મેળવનાર સમાજના તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા.

રાજુલાના કડિયાળી ગામમાં ચોમાસાનો ઉકેલ ન આવતા ગ્રામજનોએ માલગાડી રોકી

અમરેલી,તા.૧૧

રાજુલા તાલુકાના કડિયાળી ગામમાં ચોમાસાના પાણી ગામમાં અને ખેતરોમાં ઘૂસી જવાની ગંભીર સમસ્યાને લઈને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. લાંબા સમયથી આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં ન આવતાં આખરે ગ્રામજનોએ રેલવેના પાટા પર ઉતરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન ગ્રામજનોએ માલગાડી રોકીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. ઘટનાને પગલે રેલવે વિભાગ અને પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.ગ્રામજનોના જણાવ્યા મુજબ, રેલવે વિભાગ દ્વારા સફાઈની કામગીરી માટે પાળો હટાવી લેવામાં આવ્યો હતો. આ પાળો દૂર કરવામાં આવતાં ચોમાસા દરમિયાન વરસાદી પાણીના નિકાલની સમસ્યા ઊભી થઈ છે. પરિણામે ગામના રહેણાક વિસ્તારો તેમજ આસપાસનાં ખેતરોમાં પાણી ફરી વળતાં સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખેતરોમાં પાણી ભરાઈ રહેવાને કારણે ખેતીની કામગીરી પર પણ વિપરીત અસર થવાની ભીતિ ગ્રામજનોમાં જોવા મળી રહી છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે અગાઉ અનેક વખત



રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યાં ન હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો.આ પરિસ્થિતિને પગલે આમ આદમી પાર્ટીના નેતા રાજુ સોલંકીની આગેવાની હેઠળ ગ્રામજનોએ રેલવે ટ્રેક પર ઉતરી આંદોલન શરૂ કર્યું હતું. ગ્રામજનોએ માલગાડી રોકીને તંત્રનું ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ પીપાવાવ મરીન પોલીસ અને રેલવે વિભાગના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અધિકારીઓએ ગ્રામજનો સાથે વાતચીત કરી તેમની સમસ્યા સાંભળી હતી અને વહેલી તકે ઉકેલ લાવવાની ખાતરી આપી હતી.રેલવે વિભાગના અધિકારીઓએ આ સમસ્યા અંગે ઉચ્ચ કક્ષાએ અહેવાલ રજૂ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ ટેન્ડર પ્રક્રિયા દ્વારા સમસ્યાનો ઝડપી ઉકેલ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી. તંત્ર તરફથી મળેલી ખાતરી બાદ ગ્રામજનોએ હાલ પૂરતું આંદોલન સમેટી લીધું હતું.જોકે, ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો આગામી દિવસોમાં પાણીના નિકાલની સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે અને યોગ્ય કામગીરી હાથ ધરવામાં નહીં આવે તો ફરીથી ઉગ્ર આંદોલન કરવામાં આવશે. હવે તંત્ર દ્વારા આ સમસ્યાનો કેટલા સમયમાં ઉકેલ લાવવામાં આવે છે તેના પર ગ્રામજનોની નજર મંડાયેલી છે.

વારંવાર રજૂઆતો છતાં ઉકેલ ન આવતાં ગ્રામજનોનો ઉગ્ર વિરોધ,અધિકારીઓની ખાતરી બાદ આંદોલન સમેટાયું

સુરતની પ્રિન્ટિંગ મિલમાં ખુલ્લી ગટરમાં બાળકી ખાબકતા મોત

સુરત,તા.૧૧



સુરતના પાંડેસરા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી રાધિકા પ્રિન્ટિંગ મિલમાં દુઃખદ ઘટના બની છે. મિલમાં બોઈલર નજીક આવેલી ખુલ્લી ગટરના ખાડામાં પડી જતાં ૮થી ૯ મહિનાની બાળકીનું મોત નીપજ્યું છે. મૃતક બાળકીની ઓળખ ગૌરી ઉર્ફે અમૃતા તરીકે થઈ છે. તેના પિતાનું નામ બુદ્ધવિલાસ હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે શ્રમિક પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. પોતાની વહાલસોયી દીકરી ગુમાવતાં માતા ભારે આઘાતમાં સરી પડી છે. પરિવારજનોનાં આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું છે. મિલ પરિસરમાં ખુલ્લી ગટરના ખાડાને કારણે બનેલી આ દુર્ઘટનાથી શ્રમિકોમાં પણ ચિંતાનો માહોલ સર્જાયો છે.

દિવાળીએ વતન જવા સુરતથી ૧૬૦૦થી વધુ સ્પેશિયલ એસ.ટી. બસ દોડાવવામાં આવશે

સુરત,તા.૧૧



દિવાળીના તહેવારોમાં સુરતમાં વસતા રત્ન કલાકારો અને શ્રમજીવી પરિવારો સરળતાથી વતન પહોંચી શકે તે માટે એસ.ટી. નિગમ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૪ થી ૭ નવેમ્બર દરમિયાન સુરતથી ૧૬૦૦ જેટલી વધારાની સ્પેશિયલ બસો દોડાવવામાં આવશે. મુસાફરોની માંગ વધશે તો બસોની સંખ્યા વધારીને ૨૫૦૦ કરવામાં આવશે. આ બસો સાંજે ૪ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી દોડશે અને કીમ ચોકડી થઈ ભારતમાલા હાઈવે પરથી પસાર થશે. સૌરાષ્ટ્ર તરફ જતી બસો વરાછા રોડ પર ધારુકા કોલેજના મેદાનેથી ઉપડશે. દાહોદ, ગોધરા, ઝાલોદ અને પંચમહાલ તરફની બસો સેન્ટ્રલ બસ સ્ટેશન સામેના સિટી સ્ટેન્ડ તથા રામનગર ખાતેથી ઉપડશે. આખી બસનું ગ્રૂપ બુકિંગ કરાવનારને 'એસ. ટી. આપના દ્વારે' યોજના હેઠળ સોસાયટી કે કોલેજથી વતન સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરાશે. ગ્રૂપ બુકિંગ સુરત સેન્ટ્રલ બસ સ્ટેશન અને અડાજણ બસ પોર્ટ સ્થિત સુરત સિટી ડેપો ખાતેથી કરાવી શકાશે.

રાજકોટમાં સગીરા સાથે પત્નીની મદદથી પતિએ દુષ્કર્મ આચરતા ખળભળાટ

રાજકોટ,તા.૧૧



રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા મૂળ નેપાળના એક શખસે ૧૪ વર્ષની સગીરાને જાળમાં ફસાવી અવારનવાર દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાઈ છે. સગીરાના માતા-પિતા નેપાળ વતનમાં ગયા હતા, ત્યારે આરોપીએ તકનો લાભ ઉઠાવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સગીરાની બાજુમાં મહેશ અને તેની પત્ની મંજુ રહેતાં હતાં. એક જ સમાજના હોવાથી બંને પરિવારો વચ્ચે પરિચય હતો. ગત જુલાઈમાં માતા-પિતા વતનમાં ગયા ત્યારે મંજુએ સગીરાને ઘરે બોલાવી હતી. ત્યારબાદ મહેશે બળજબરીથી દુષ્કર્મ આચર્યાનો અને તેની પત્નીએ ફોટા-વીડિયો બનાવ્યાનો આક્ષેપ છે. પરિવારની ફરિયાદના આધારે દુષ્કર્મ અને અપહરણ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપી દંપતીની શોધખોળ હાથ ધરી છે.

ગારિયાધારના વિરડી ગામે ખનીજચોરીનો વિરોધ કરનાર આધેડની નિર્મમ હત્યા

ભાવનગર,તા.૧૧




ગારિયાધાર તાલુકાના વિરડી ગામે ગેરકાયદે ખનીજચોરી સામે અવાજ ઉઠાવવો એક આધેડ માટે જીવલેણ સાબિત થયો છે. ખનીજચોરી અંગે ઠપકો આપવાની અદાવત રાખી મહિલા સહિત પાંચ શખસોએ ઘરમાં ઘૂસી આધેડ પર પાઇપ અને ધોકાથી હુમલો કર્યો હતો.

વિરડી ગામમાં રહેતા ૫૯ વર્ષીય આનંદભાઈ પુંજાભાઈ કંટારિયા સેન્ટિંગ કામ કરીને ગુજરાન ચલાવતા હતા. તેઓ ગામમાં એકલા રહેતા હતા, જ્યારે તેમનાં પત્ની, પુત્ર અને પુત્રી સુરતમાં રહે છે. બપોરના સમયે તેઓ ઘરે હતા ત્યારે હુમલાખોરોએ તેમના પર હુમલો કરતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને ગારિયાધારની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. સ્થિતિ નાજુક હોવાથી વધુ સારવાર માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં રિફર કરાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાથી પંથકમાં ચકચાર મચી છે.

નવરાત્રી પહેલાં રાજકોટ શહેરમાં 'લવ જિહાદથી સાવધાન'ના પોસ્ટરો લાગ્યા

રાજકોટ,તા.૧૧



રાજકોટ શહેરમાં નવરાત્રીના પાવન અવસરને ધ્યાનમાં રાખીને વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા સક્રિયતા વધારવામાં આવી છે.નવરાત્રિ દરમિયાન 'લવ જિહાદ' જેવી ઘટનાઓ ન બને તે માટે સાવચેતીના ભાગરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં 'લવ જિહાદથી સાવધાન' લખાણ ધરાવતા જનજાગૃતિનાં પોસ્ટરો અને બેનરો લગાવવામાં આવ્યાં છે. આ ઝુંબેશનો હેતુ ગરબા મહોત્સવ દરમિયાન યુવતીઓને જાગૃત કરવાનો અને તેમની સુરક્ષા અંગે સાવચેતી રાખવાનો હોવાનું જણાવાયું છે. રાજકોટના રેસકોર્સ રિંગ રોડ, નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ, કાલાવડ રોડ, વિરાણી ચોક અને સામાકાંઠા વિસ્તાર સહિતના મુખ્ય સ્થળોએ તેમજ વિવિધ ગરબા ગ્રાઉન્ડની બહાર બેનરો લગાવવામાં આવ્યાં છે. આગામી નવરાત્રી દરમિયાન હિન્દુ સંગઠનોની મહિલા કાર્યકરો ગરબા સ્થળોએ ઉપસ્થિત રહી પ્રવૃત્તિઓ પર નજર રાખશે.

નવસારી શહેરમાં રખડતા ઢોરને કારણે બે અલગ-અલગ અકસ્માતમાં બે લોકોના મોત

નવસારી, તા. ૧૧



નવસારી શહેરમાં રખડતા પશુઓનો ત્રાસ વકરતાં બે અલગ-અલગ ઘટનાઓમાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે. સિંધી કેમ્પ વિસ્તારમાં સાંઈબાબા ડેરી નજીક બે આખલાઓની લડાઈ દરમિયાન અડફેટે આવતાં યોગેશ પટેલનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

બીજી ઘટનામાં એરુ ગામે રખડતા પશુ સાથે ટક્કર થતાં ગંભીર રીતે ઘવાયેલા પ્રણવ પરમાર નામના યુવાનનું પણ હોસ્પિટલમાં મોત થયું હતું. આ બંને જીવલેણ બનાવોને પગલે નવસારી મહાનગરપાલિકાના ઢોરમુક્ત શહેરના દાવાઓ સામે ગંભીર સવાલો ઊભા થયા છે અને સ્થાનિક શહેરીજનોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે.

સુરતના ડો. હર્ષ પંડ્યા આત્મહત્યા કેસમાં

રાજુલાની મહિલા ડોક્ટર સહિત બેની ધરપકડ

સુરત,તા.૧૧



સુરતની નવી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલી ન્યૂ પી.જી. હોસ્ટેલમાં રેસિડેન્ટ ડૉ. હર્ષ પંડ્યાના આત્મહત્યાના કેસમાં ખટોદરા પોલીસે બે મહિલા ડોક્ટરની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલી મહિલાઓમાં ભાવનગરની ૨૫ વર્ષીય દિક્ષીતા ઘેવરીયા અને રાજુલાની ૨૭ વર્ષીય હિના ભૂતનો સમાવેશ થાય છે. આ કેસમાં અન્ય બે આરોપીઓ હજુ ફરાર હોવાથી પોલીસે તેમની શોધખોળ હાથ ધરી છે.આ કેસ અંગે એસીપી ઝેડ.આર. દેસાઈએ જણાવ્યું હતું કે, સુરત સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલી હોસ્ટેલમાં ૮ ઓગસ્ટની મધ્યરાત્રિએ ડૉ. હર્ષ પંડ્યાએ આત્મહત્યા કરી હતી. આ ઘટનાને પગલે તપાસ હાથ ધરવામાં આવી હતી. ફેક્ટ-ફાઈન્ડિંગ કમિટી અને મેડિકલ કમિટીના અહેવાલમાં પ્રાથમિક દૃષ્ટિએ રેગિંગ થયું હોવાનું સામે આવ્યું હતું. આ અહેવાલના આધારે મૃતક ડૉ. હર્ષ પંડ્યાના પિતાએ ૧૫ ઓગસ્ટના રોજ એટ્રોસિટી એક્ટ હેઠળ તેમજ આત્મહત્યા માટે દુષ્પ્રેરણ આપવાના આક્ષેપ સાથે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે તપાસ આગળ ધપાવી હતી અને બે મહિલા ડોક્ટરની ધરપકડ કરી છે. જ્યારે આ કેસમાં સંડોવણીના આક્ષેપોનો સામનો કરી રહેલા અન્ય બે આરોપીઓની ધરપકડ કરવા માટે પોલીસ દ્વારા વધુ તપાસ અને શોધખોળ કરવામાં આવી રહી છે.



ગાંધીનગર મનપાની ચૂંટણીમાં હોબાળા વચ્ચે મતદાન પૂર્ણ, ૫૫ ટકાથી વધુ મતદાન નોંધાયું

૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે મતદાન પૂર્ણ થતાં ઈવીએમ સીલ, આવતીકાલે મતગણતરી

ગાંધીનગર,તા.૧૧



ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં હોબાળાની અલગ-અલગ ઘટનાઓ વચ્ચે મતદાન પૂર્ણ થયું હતું. શહેરના ૧૧ વોર્ડની કુલ ૪૪ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં અંદાજે ૫૫ ટકા કરતાં વધુ મતદાન નોંધાયું હતું. મતદાન દરમિયાન કેટલીક જગ્યાએ હોબાળાની ઘટનાઓ સામે આવી હતી, જેના કારણે ચૂંટણીનો માહોલ ચર્ચાસ્પદ બન્યો હતો. સાંજે ૬ વાગ્યે મતદાન પૂર્ણ થયા બાદ ચૂંટણી તંત્ર દ્વારા ઈવીએમ સીલ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ તમામ ઈવીએમને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવશે. હવે આવતીકાલે ૧૩ ઓક્ટોબરના રોજ મતગણતરી હાથ ધરાશે, જેના પરિણામો પર સૌની નજર રહેશે.

